# અધ્યાત્મ

**આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક**

છૂટક નકલ ૮-૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. **૨૫/–** આજીવન **૨૫૧/–**
વિદેશમાં વાર્ષિક રૂા. **૫૦૦/** (વિમાનથી) આજીવન **૫૦૦૦/–**

- **સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચે. ટ્રસ્ટ સ્વર્ગારોહણ, દાતારોડ, **અંબાજી,** ૩૮૫૧૧૦).
- **તંત્રી–સંપાદક** : શ્રી નારાયણ હ. જાની.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** : ૬ વૃંદાવન ફ્લેટસ, હવેલી પાસે આતાભાઇ ભાવનગર–૧. ફોન : **૨૫૭૨૫૦૨, ૨૫૬૫૮૧૧**
- ADHYATMA email Addres: adhyatma_editor@yahoo.co.in
- You can know about Shree Mahatmaji & Shree Maa from Website "SWARGAROHAN.ORG"
- **અધ્યાત્મના સહાયક સ્વજનો** : ૧. શ્રીગોરધનભાઇ કલોલા (કલ્યાણ) ૨. શ્રી જ્યોત્સ્નાબેન બી.ત્રિવેદી. ૩. શ્રી આશીષ ગોહિલ–avgohil1@gmail.com
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** : નારાયણ હ. જાની.
- **મુદ્રણસ્થાન** : રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, LIG167, આનંદનગર, ભાવનગર-૧

**★ લેખકોને નિમંત્રણ ★**

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે.

**★ અધ્યાત્મ અંગે સૂચનો ★**

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- લવાજમ માટે મનીઓર્ડર, ડીમાન્ડ ડ્રાફ્ટ 'સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ'ના નામનો શ્રીનારાયણ હ. જાની, ૬ વૃન્દાવન ફ્લેટ, હવેલી પાસે, આતાભાઇ, ભાવનગર(ફોન-૨૫૭૨૫૦૨)ને મોકલવા વિનંતી છે.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઇ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- **આ અંકના ટાઇટલ પેઇજ સાથે કુલ પાના ૬૮.**

**You can know about Shree Mahatma Yogeshwarji & Shree Maa Sarweshwari from Website 'swargarohan.org'**

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| સદ્‌ભાવભરી સહાય | મા સર્વેશ્વરી | ૩ |
| નૂતન વર્ષાભિનંદન | તંત્રી | ૪ |
| પૂ.માના જન્મદિને–પ્રાર્થના | તંત્રી | ૫ |
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૬ |
| પૂ.માના સાન્નિધ્યમાં– એક અભિનવ પારાયણ(૧૧) | જ્યોત્સ્નાબેન ત્રિવેદી | ૧૧ |
| સંતવાણી | પ.પૂ.સદ્‌ગુરુદેવ શ્રી હરિચરણદાસજી મહારાજ | ૧૫ |
| ભગવાન રમણ મહર્ષિના સાન્નિધ્યમાં | પોલ બ્રન્ટન, અનુ. : શ્રીયોગેશ્વરજી | ૧૭ |
| પૂ. શ્રી રણછોડદાસજી મહારાજના–પ્રેરક પ્રસંગો | પરમાર્થી | ૨૩ |
| ત્રણ તળાવ | સુધા મૂર્તિ | ૨૬ |
| ભગવાન તમને ચાહે જ છે ! | ડૉ.આઇ. કે. વીજળીવાળા | ૩૨ |
| પૂ.મા સર્વેશ્વરીની સ્વિત્ઝર્લેન્ડ યાત્રા | મા સર્વેશ્વરી | ૩૮ |
| સમર્પણ | એક અનામી સાધક | ૪૩ |
| છેલ્લા ૧૧ વર્ષથી– છાસની હાશનું પર્વ | જ્યોત્સ્નાબહેન બી. ત્રવેદી | ૪૬ |
| પ્રભુની પ્રાપ્તિ સાધનાથી– નહિ કેવળ માન્યતાથી | રામસુખદાસ | ૫૨ |
| નામ એ પરમાત્મસ્વરૂપ જ છે | શ્રી બ્રહ્મચૈતન્ય મહારાજ | ૫૭ |
| રસેશ્વરી | શ્રી યોગેશ્વરજી | ૬૧ |

# સદ્‌ભાવભરી સહાય

—મા સર્વેશ્વરી

ઓક્ટોબર માસમાં જ જેમણે જન્મ લીધો. ૯૫ વરસનું દીર્ઘ જીવન આરોગ્ય સાથે જીવી શક્યા, પરમ ભાગ્યશાળી એ પિતાની સેવા સંતાનોએ ભક્તિભાવથી કરી. અરે, વારંવાર વિદેશ લાવી પિતાની સર્વ ઇચ્છાપૂર્ણ કરી.

એ પિતાજી શ્રી કાંતિલાલ શાહની પવિત્ર સ્મૃતિમાં આ અંક અર્પણ થઇ રહ્યો છે.

ધન્યવાદ હે પ્રભુપ્રેમી સાધક, સત્સંગી, સત્કર્મ પરાયણ, પિતૃભક્ત શ્રી ચંદ્રકાન્તભાઇ—અનસુયાબેન. આપને ફરીફરી અભિનંદન. ગુરુદેવ પ્રભુ આપનું સર્વ પ્રકારે મંગલ કરો.



# નૂતન વર્ષાભિનંદન

વિક્રમ સંવત ૨૦૭૦નું વર્ષ તા.૪–૧૧–૨૦૧૩ના રોજ પ્રારંભ પામે છે. એટલે અધ્યાત્મના ઓક્ટોબર ૨૦૧૩ના અંક દ્વારા અમે સહુને નૂતન વર્ષાભિનંદન પાઠવીએ છીએ. સાથે સાથે યોગેશ્વર પ્રભુ અને મા શ્રી સર્વેશ્વરીને પ્રાર્થીએ છીએ કે નવું વર્ષ સૃષ્ટિના સર્વ જીવો માટે સુખ, શાંતિ ને આનંદ લાવનારું બની રહો. તે અંગે પૂ.શ્રી યોગેશ્વરજીએ લખેલ પ્રાર્થનાથી આ બધા જ ભાવો અભિવ્યક્તિ પામ્યા છે. એટલે તે જ ગાઇએ.

***સંસારના બધાયે જીવો સદા સુખી હો,***
***ના દુઃખ હો કદીએ, સૌ રીતથી સુખી હો,***
***રોગો બધા હઠો ને આરોગ્ય સર્વને હો,***
***ને પાપ તાપ પીડા, સંસારમાં શમી હો.***
***હો સ્વર્ગથી સમુન્નત, સંસાર માંહી લક્ષ્મી,***
***વિદ્યા મહાનબુદ્ધિ, ચારિત્ર્ય તેમ દીપ્તી,***
***કલ્યાણ હો બધાનું, સેવા પંથે પળો સૌ,***
***પાગલ પ્રશાંતિ પામે, વિશ્વે પ્રશાંત હો સૌ.***

સૌએ પોતાના દૈનિક જીવનમાં આ પ્રાર્થના રોજ રોજ ગાવા જેવી છે.

—તંત્રી

## પૂ.માના જન્મદિને—પ્રાર્થના

પરમ વંદનીય મા શ્રી સર્વેશ્વરી તા.૧૩—૧૧—૨૦૧૩ના રોજ ભૌતિક શરીરના ૭૧મા વર્ષમાં પ્રવેશ પામશે. તે અંગેની બધીજ શુભ કામનાઓ મા—પ્રભુ પરિવારના સભ્યો ને અધ્યાત્મના વાંચકો અંતરથી વ્યક્ત કરે છે.

પ્રભુ યોગેશ્વરના જણાવ્યા પ્રમાણે માનવ શરીર ધારણનાં બે જ પ્રયોજન—એક પ્રભુની પ્રાપ્તિ અને બીજુ માનવજાતની સેવા. (Self Realisation and Service of Humanity). આ બંને પ્રયોજનો આપે આ જીવનમાં જ સાધના દ્વારા સાકાર કરી લીધાં છે. છતાં અમે પ્રભુને પ્રાર્થીએ કે આપના નવા વર્ષમાં વધુ વ્યાપક ક્ષેત્રોમાં આપની આધ્યાત્મિક શક્તિ સમગ્ર સૃષ્ટિના જીવોના મંગલ માટે કાર્યરત બને. તે માટે જરૂરી વિભૂતિઓ ને શક્તિઓ ગુરુદેવ પ્રભુ આપને પ્રદાન કરી, તેઓના જીવનનું સ્વપ્ન આપના દ્વારા સાકાર કરે. એ જ મંગલ અપેક્ષા અને કામના.

—તંત્રી



# અધ્યાત્મ

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો

—મા સર્વેશ્વરી

વર્ષ : ૩૬ ઓક્ટોબર—૨૦૧૩ અંક ૧

## શ્રી યોગેશ્વર કથામૃત

—મા સર્વેશ્વરી

**સ્થળ:—ઋષિકેશ**

**રવિવાર તા.૩૦/૫/૮૨ જેઠ સુદ આઠમ**

સવારે લક્ષ્મણઝૂલા તરફ જવાનું નક્કી થયું. સમયસર પૂ.શ્રી સાડા સાત વાગ્યે બહાર નીકળ્યા. લક્ષ્મણઝૂલા ઉપર ચાલ્યા. પૂ.શ્રીએ સમજ આપી. શેરડીનો રસ પૂ.શ્રીએ પીધો. ત્યારબાદ ફરીથી પૂ.શ્રી સામે કિનારે આવી ગયા. સર્વેશ્વરી સૌની સાથે પગપાળા ગીતાભવન તરફ ચાલ્યાં. ધૂન ગવડાવવાની શરૂ થઈ. ઝડપથી સ્થાન આવી ગયું. થાક ન લાગ્યો.

પૂ.શ્રી સામે કિનારે શત્રુઘ્નમંદિરના ઓટલે લેખનકાર્ય માટે બેઠા, ત્યાં સુધીમાં ૧૧.૩૦ થયા. સૌ ફરીને આવી ગયા. આજે પૂ.શ્રીના કપૂરાનો યજમાનપુત્ર અચાનક મળ્યો. આનંદ થયો.

આજે દેવકીબાઈની ધર્મશાળામાં ભોજન લીધું. પૂ.શ્રી વરસો ઉપર જ્યાં રહ્યા તે ઓરડાની બહાર જ ઓટલા ઉપર ભોજન લીધું.

બપોરે આરામ કર્યો.

સાંજે ફરી ગંગાકિનારે સૌ ભેગા થયા. બે કલાક સત્સંગ, પ્રાર્થના થયાં. અંધકાર થતાં પૂ.શ્રીએ સ્નાન કરી પ્રાર્થના કરી. સૌએ નાસ્તો પણ ત્યાં જ કર્યો. પછી છૂટા પડ્યા. આરામ.

**ઋષિકેશથી જોશીમઠ**

**૩૧–૦૫–૮૨ સોમવાર, જેઠ સુદ નોમ.**

સવારે ૬ વાગ્યે પૂ.શ્રી તૈયાર. આજે બદરીનાથ જવાનું હતું. સાથીદારોએ બે ગાડી ભાડે કરી. ઋષિકેશથી પ્રણામ કરી ગાડી આગળ ચાલી. કોલેરાનું ઇંજેકશન મૂકાવવાનું સ્થાન પણ આવે છે. હરિદ્વારથી ૩૨૦ કિલોમીટર બદરીનાથ આવેલું છે.

માર્ગ પહાડી ને ભયંકર હતો. પણ સાથે રમણીય પણ હતો. ગંગાકાંઠે ગાડીઓ ચાલવા લાગી.

દેવપ્રયાગ ઋષિકેશથી ૬૫ કિલોમીટર આવી ગયા. પૂ.શ્રીએ પોતાની કુટિયા બતાવી. બસ સ્ટેન્ડ પર ભગતરામ વૈદરાજ મળ્યા. થોડી વાતો થઇ.

ગાડી આગળ ચાલી. શ્રીનગર નામનું પહાડનું શહેર. ભોજન લીધું. સૌએ પરોઠાશાક લીધાં. પૂ.શ્રીએ બુંદીના લાડુ ને લસ્સી લીધી.

ગાડી આગળ ચાલી. રુદ્રપ્રયાગ, કર્ણપ્રયાગ, નંદપ્રયાગ. ગાડી આગળ વધી. ચમૌલી, પીપલકોટી, હેલંગ, જોશીમઠ આવી ગયા. સાત વાગી ગયા.

ભયંકર પહાડી માર્ગ જોતાં ને અનુભવતાં એમ થાય કે હવે કદી પણ આ યાત્રાએ આવવું નહીં. જીવના જોખમે આ યાત્રા



ગણાય છે તે સાચું જ હશે, એમ લાગે છે.

જોશીમઠમાં આવતાં જ હોટલ નંદાદેવીમાં ખુલ્લી અગાશીના છેવટના એક ઓરડામાં રૂ. ૪૫ માં ઉતારો કર્યો.

યાત્રીઓ પૈકી સૌએ પૂ.શ્રીનો થોડો થોડો સામાન ઉંચકી ઉપર ચઢાવ્યો. શ્રી વિનુભાઇ અમીને પૂ.શ્રીને દૂધ લાવી આપ્યું. હોટલનું બીલ પૂ.શ્રીએ પોતે જ ભર્યું. તે કામ પણ પૂર્ણ કરી દીધું.

જોશીમઠથી હવે બદરીનાથથી ઘણાં નજીક છીએ. બરફના પહાડોનાં દર્શન થાય છે. ઠંડીનો ચમકારો જણાય છે. ગરમ કપડાં પહેરી લેવાં પડે છે.

થાક લાગ્યો છે. જેથી ટૂંકી નોંધ કરી આરામ.

પહાડીમાર્ગમાં યાત્રા દરમ્યાન પૂ.શ્રીએ વારંવાર વાતો ન કરવાની સૂચના આપી. વળી ડ્રાયવર પાસે બેસનાર પણ જાગ્રત હોવો જોઇએ. એ માટે આગળના બે ભાઇબેનો શ્રી હીરાભાઇ ને એમનાં પત્નીને જગાડવાનું કાર્ય પણ કરવું પડ્યું.

સર્વેશ્વરીને આજે મૌન હતું. જેથી ધૂન બોલાવવાના પ્રયત્નો શ્રી હીરાભાઇએ કર્યા. પરિણામે પૂ.શ્રીએ વારંવાર ટકોર કરી.

સાથેના ભાઇબેનોમાં જેમને ઉપવાસ હતો તેમને પૂ.શ્રીએ ખાસ કેરી, તલસાંકળી વગેરે આપ્યું. ચઢાઇને લીધે જેમને અસ્વસ્થતા લાગતી હતી તેમને પીપરમીટ આપી.

રાત્રે આરામ જ કર્યો. પૂ.શ્રીની ઇચ્છા થોડું રામાયણ લેખનની હતી, પણ વીજળીનો પ્રકાશ તદ્દન ઝાંખો હતો. તેથી ફરજીયાત આરામ જ કર્યો.

જોશીમઠ છ હજાર ફૂટ ઉંચાઇ ઉપર આવેલું છે. નાનકડું

બજાર. અહીં પાવડરવાળું દૂધ મળે. શંકરાચાર્યનો એક મઠ અહીં પણ છે.

બદરીનાથ જવા સવારે ૫.૩૦ વાગ્યે ગેટ ખૂલે છે. વન–વેની સગવડ હોય છે. સાથેના યાત્રીઓને જલ્દી બદરીકેદાર જવું હતું, પણ પૂ.શ્રીએ સૌને સાત વાગ્યે જ અહીંથી નીકળીશું એમ જણાવ્યું.

સાથીદારોએ બીરલાની ધર્મશાળાના બે ઓરડામાં ઉતારો કર્યો. અગિયાર ભાઈબેનોની તે ટૂકડી હતી.

(૧) શ્રી બાબુભાઈ વોરા, અમદાવાદ.
(૨) શ્રીમતીમધુબેન વોરા, અમદાવાદ.
(૩) શ્રીનારાયણભાઈ જાની, ભાવનગર.
(૪) શ્રીમતી સરસ્વતીબેન જાની, ભાવનગર.
(૫) શ્રીવિનુભાઈ અમીન, વડોદરા.
(૬) શ્રીમતી મંજુલાબેન અમીન, વડોદરા.
(૭) શ્રીમંજુલાબેન ભાવસાર, વડોદરા.
(૮) શ્રીરાજેન્દ્ર પુરોહિત, વડોદરા.
(૯) શ્રીકલ્પનાબેન ગાંધી, વડોદરા.
(૧૦) શ્રીભરત ગાંધી, વડોદરા.
(૧૧) શ્રીરંજનબેન ઠાકોર, અમદાવાદ.

અમદાવાદના ત્રણ, ભાવનગરના બે, વડોદરાના છ. કુલ અગિયાર ભાઈબેનો.

જ્યારે પૂ.શ્રી જેની ગાડીમાં યાત્રા કરી રહ્યા છે તે શ્રી હીરાભાઈ પટેલ, તેમનાં ધર્મપત્ની શ્રી જેલીબેન પટેલ અને



ડ્રાયવરભાઈ શ્રી હરિભાઈ, જેનું નામ પૂ.શ્રીએ ગઈકાલે હરિદાસ પાડ્યું છે, તે તથા સર્વેશ્વરી અને યોગેશ્વરજી ૧૬ વ્યક્તિ આ યાત્રામાં ભાગ લઈ રહી છે.

પૂ.શ્રીને સંઘમાં યાત્રા પસંદ નથી. પણ આ વખતે સંખ્યા વધી ગઈ. ભવિષ્યમાં પૂ.શ્રી એકલા જ યાત્રા કરશે, એવું લાગે છે. શાંતિથી જ્યાં જેટલું રોકાવું હોય તેટલું રોકાઈને આગળ વધવાનું. જોકે આ યાત્રામાં પણ પૂ.શ્રીની સૂચના મુજબ નીકળવાનું કે રહેવાનું બને છે, છતાં પૂ.શ્રીને થોડી ઉપરામતા આવી રહી છે, એવું લાગે છે.

બદરીનાથ પૂ.શ્રી ચારવાર આવી ગયા છે. આ વખતે પૂ.શ્રીએ ઘણીવાર કહ્યું. મા સર્વેશ્વરી એ નથી જોયું, માટે આવ્યો છું. પહાડની મુસાફરીમાં ભોજન, આરામ, લેખનનો બધો જ ક્રમ અનિયમિત થઈ જાય છે. યાત્રા સરળતાથી થાય તો કરવી. આ પહાડની યાત્રા બધુ જ અનિયમિત કરે છે. એવું પૂ.શ્રી માને છે.

(ક્રમશઃ)


**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**

**ગ્રીલ, દરવાજા, તેમ જ મેઈન ગેટના સ્પેશ્યાલીસ્ટ**
તેમ જ
**દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.**
મોદી બંગલા,ઉમરા જકાત નાકા પાસે, **સુરત**-૩૯૫૦૦૭

પૂ.માના સાન્નિધ્યમાં

# એક અભિનવ પારાયણ(૧૧)

–જ્યોત્સ્નાબેન ત્રિવેદી

**પ્રકરણ ૧૪૨ રાજકોટ, વીરપુર બીલખાઃ–**

**પૂ.શ્રીમાઃ–**વિવિધ સંતોની સરસ વાતો 'પ્રકાશપંથે'માં છે. આપણને તો ઘેર બેઠાં સંતસમાગમ આ ગ્રંથ કરાવી રહે છે. આર્ય નિવાસમાં હોઈએ એટલે આપણા રમેશભાઈ ખૂબ નવા જૂના સ્વજનોને પૂ.મા પાસે મોકલતા રહે છે. આજે વડોદરાના એક ડોક્ટર ભક્ત દંપતી આપણને સ્વામી સંપૂર્ણાનંદ વિષે વાર્તાલાપ આપશે. વર્ષો પહેલાં અધ્યાત્મ માસિકમાં પ્રેમી ભક્ત ઈશ્વરભાઈ શાહ, તે રજુ કરતાં.

**પ્રકરણ ૧૪૩ ગાંધીજીનો પૂર્વ જન્મઃ–**

**પ્રકરણ ૧૪૪ ઋષિકેશના દિવસો અને દેહુ**

**મુંબઈ, આલંદી, દેહુ**

**પ્રકરણ ૧૪૫ સાધનાનો દિવસ લંબાય છે.**

**પ્રકરણ ૧૪૬ મસૂરીમાં ૩ માસ**

**પૂ.શ્રીમાઃ–**પૂ.શ્રી સાથે અમને પણ મસૂરીમાં રહેવાનું સદ્‌ભાગ્ય મળ્યું. હિંદીમાં પૂ.શ્રીનાં રોજ પ્રવચનો થતાં. વિવિધ ક્ષેત્રની વિશેષતાઓ પણ પ્રવચનમાં મળતી. આ કુદરતી સૌંદર્ય પણ માણવા મળેલું. વર્ષો સુધી પૂ.શ્રી મસૂરીમાં રહેતા એટલે વિશાળ પરિચિત વર્ગ પૂ.શ્રીનો હતો. મસૂરીમાં પૂ.શ્રીના અનન્ય ભક્ત શ્રી રતનલાલ હજી પણ છે. વયોવૃદ્ધ થયા છે. પૂ.શ્રીમાં



ખૂબ શ્રદ્ધા ભક્તિ ધરાવે છે.

**પ્રકરણ ૧૪૭ મસૂરીથી ઋષિકેશ,**

**મુંબઈ, સરોડા થઈને હિમાલય**

**પ્રકરણ ૧૪૮ અદ્‌ભુત અનુભૂતિ, સિદ્ધિ પ્રાપ્તિ,**

**સંસિદ્ધિની અલૌકિક અવસ્થા.**

**પૂ.શ્રીમાઃ–**૧૯૪૧ માં પૂ.શ્રી જાન્યુઆરીમાં પ્રથમવાર ગુજરાત છોડી હિમાલયમાં પ્રવેશ્યા. ૧૯૪૧ થી ૧૯૬૦–૨૦ વર્ષ સતત તપ કર્યું. વિવિધ સાધનાના પ્રયોગો થયા. સતત યાત્રા કરતા રહ્યા, છતાં ધ્યેય માટે ક્યાંય કદી વિસ્મૃતિ ના થઈ. ૨૦–૨૦ વર્ષની સાધના પછી આ પ્રકરણમાં લખેલી અનુભૂતિ પામ્યા છે. બધાં પ્રકરણોનો જાણે સાર અહીં છે. સર્વે મથામણોનું પરિણામ અહીં મળ્યું છે. ૨૦–૨૦ વર્ષની ભારે મથામણ પછી આવી અલૌકિક અનુભૂતિ પ્રાપ્ત થઈ, તેનું વિગતે વર્ણન પૂ.શ્રીએ કર્યું છે. બધાં પ્રકરણોમાં એક મહત્ત્વનું પ્રકરણ છે. મહત્ત્વનું સોપાન પૂ.શ્રી સર કરે, કેટલો બધો આનંદ! હાશ! સંતોષ! શાંતિ! જેને માટે વર્ષોથી ઝંખતા હતા, પ્રાર્થના થતી હતી. ઉપવાસોની આહૂતિ પણ એક પછી એક અપાતી રહી. સર્વ રિદ્ધિ સિદ્ધિ ક્ષણમાં રમવા માંડી. પંચમહાભૂતના દેહમાં પરમેશ્વર પ્રત્યક્ષ આવીને વસ્યા. આ એક અલૌકિક અવસ્થા છે. અતિ મૂલ્યવાન સંપત્તિ પૂ.શ્રી પામ્યા છે. સતત પરમશક્તિનો સંપર્ક. મેળવવાનું બધું જ મેળવીને છલોછલ થઈ ગયા, છતાં પૂ.શ્રી એટલા જ શાંત, ગંભીર, કદી કોઈ આગળ પોતાની પ્રાપ્તિનું પ્રદર્શન નથી કર્યું. શાંત વ્યક્તિત્વમાં કેટલો મોટો દિવ્ય ખજાનો છૂપાયેલો હતો! સિદ્ધિ માગે સિદ્ધિ મળે પણ તેને

જીરવવી, સંભાળવી, પચાવવી, સાચવવી અઘરી પડે. પૂ.શ્રીને બધું સરસ રીતે ફાવી ગયું. કરોડપતિ શાંતિભાઇ બધાંની વચ્ચે બેઠા હોય તો ખબર ના પડે તેવું પૂ.શ્રી કરોડગણી આધ્યાત્મિક સંપત્તિ પામીને પણ સ્થિર ગંભીર. સાદાઇને જ જીવનભર વર્યા. પરમાત્માએ એ પંચમહાભૂતે પધારીને પૃથ્વીપર વિહાર પ્રારંભ કર્યો. પરમાત્માના કેટલાંક કાર્યો કેટલાક ઓળખી શક્યા, કેટલાક ના ઓળખી શક્યા. જે ઓળખી શક્યા તે લાભ પણ ના લઇ શક્યા. અદ્‌ભુત સિદ્ધિની પ્રાપ્તિ. મથામણનો સર્વોત્તમ પ્રત્યુત્તર. ૧૯૬૦ પછી પૂ.શ્રી પૃથ્વી પર વિચર્યા. ૨૪—૨૪ વર્ષ ૨૪ કલાક આ અનુભવ. અને એ અનુભૂતિને કલમ દ્વારા ઉતારી—પ્રકાશપંથનું આ સોનેરી પ્રકરણ. સાધક માટે સર્વશ્રેષ્ઠ પ્રેરણાની પગદંડી એવા એ સિદ્ધિ સમર્થ વિભૂતિ સાથે રહેવાનું સદ્‌ભાગ્ય માને મળ્યું, તે પણ પરમ કૃપા. અમને શરૂઆતમાં પૂ.શ્રીએ સમજાવ્યું, પ્રભુએ સૂચવ્યું કે પૂ.શ્રી જે કાંઇ કહે તે બધું શ્રદ્ધાથી સ્વીકારી લેવું. અમે બજારમાંથી એક નાની ડાયરી મંગાવી. પૂ.શ્રીની અનેક વાતોનું માર્ગદર્શન તે ડાયરીમાં ઝીલી લેવાનું બન્યું. એટલે ઘણા ઘણા અચરજ કારક ઉત્તરો પણ તે ડાયરીમાં છે. કેટકેટલાક સત્ય ભવિષ્ય કથનો પણ તે ડાયરીમાં છે. કેટલાં બધાં સૂક્ષ્મલોકનાં દર્શન પણ તે ડાયરીમાં છે. કેવી અલૌકિક અવસ્થા! ૧૯મી સદીનું સર્વશ્રેષ્ઠ મથામણનું એ નવનીત. આ પ્રકરણ માત્ર વાંચવા ખાતર નથી વાંચવાનું, પણ પ્રાપ્તિનો મહાઆનંદ, તે તેનું વર્ણન વારંવાર વાગોળવા જેવું છે. મુંબઇથી શરૂ થયેલી સાધનાનો પ્રત્યુત્તર પણ મુંબઇમાં જ મળ્યો. ને એ દેહલીલાની સમાપ્તિ પણ મુંબઇમાં જ કરી. ૯ વર્ષના એ



નાનકડા બાળકને મુંબઇ પહોંચાડીને પરમાત્માએ એક અદ્‌ભુત અભિનય કરાવ્યો. ૨૦—૨૦ વર્ષ થાક્યા, હાર્યા—કંટાળ્યા વિના સતત ચાલ્યા, ચઢ્યા ક્યાંય ઠોકર ખાઇને ના પડ્યા, ના રસ્તો ભૂલ્યા. સતત સતત પુરુષાર્થની પગદંડીએ ચાલતા જ રહ્યા. પ્રેરણા પામતા રહ્યા, અને અંતે ઇપ્સિત સિદ્ધિ પામીને જંપ્યા.

**પ્રકરણ—૧૪૯ પુષ્પની કૃપા પ્રસાદી**

**પૂ.શ્રીમાઃ—**બધા પ્રકરણોની સમાંતરે માને પણ અલૌકિક અનુભવો પૂ.શ્રીએ આપ્યા છે. તેની ચર્ચામાં ઘણા દિવસો વીતી જાય તેવું છે પ્રકાશપંથની પ્રત્યેક પંક્તિ સત્ય અનુભૂતિનો શણગાર છે, એવી શ્રદ્ધા અમારી તો વધતી રહે છે.

(ક્રમશઃ)

**★ ખાસ સૂચના ★**

દીવાળીના પર્વમાં સ્વર્ગારોહણ આવતા મા—પ્રભુના સાધક ભક્તોને નમ્ર વિનંતી કે આ વર્ષે દિવાળી પર્વ દરમ્યાન અગીયારસથી લાભ પાંચમ સુધી તમારા કોઇપણ મિત્રો, સ્નેહીઓ, કે સ્વજનો જે સ્વર્ગારોહણના દરેક કાર્યક્રમોમાં નિયમિત ન આવતા હોય તેમને પૂ.શ્રીમાના દર્શન માટે કે દિવાળી પર્વ નિમિત્તે લાવવા નહીં. આ સૂચનાનો અમલ ન કરનાર ભક્તોએ—સાધકોએ પણ પોતાના રહેવાની વ્યવસ્થા સ્વર્ગારોહણ બહાર કરવી પડશે જેની સૌએ નોંધ લેવી.

**—સેવક ટ્રસ્ટી**

# સંતવાણી

—પ.પૂ.સદ્‌ગુરુદેવ શ્રી હરિચરણદાસજી મહારાજ

## વિશ્વાસ

જીવન શ્વાસથી અને પરિવાર વિશ્વાસથી ટકે છે.

***તેરે ફૂલો સે ભી પ્યાર, તેરે કાંટો સે ભી પ્યાર,***
***તૂ ચાહે સુખ દે યા દુઃખ, હમે સબકુછ હૈ સ્વીકાર.***

★ વૈશાખના આકરા તાપને સહન કરી વૃક્ષ ક્યારે પણ નબળુ પડતું નથી.

★ કોદાળીના તથા હળના ઘા ઝીલીને, ધરતીમાતા ક્યારેય કમજોર બનતી નથી.

★ હથોડાના ઘા ઝીલીને એરણ તૂટતી નથી, પરંતુ વધુ મજબૂત બને છે. એજ પ્રમાણે દુઃખ અને સંકટને સહન કરવાથી માનવનું ઘડતર થાય છે.

★ દુઃખમાં એકલા રહેવાથી દુઃખનો વિસ્તાર થતો નથી, જ્યારે સુખમાં અનેક સાથે રાખવાથી સુખનો વિસ્તાર થાય છે.

## નકામું

યમદેવતાનું વોરંટ આવે ત્યારે પણ ડિવિડન્ડ વૉરંટની માયા છૂટતી નથી.

***નર વિનાની નારી નકામી, મકાન વિનાની બારી નકામી.***
***બ્રેક વિનાની ગાડી નકામી, સંતાન વિનાની લાડી નકામી.***

વિનય વિનાનું ભણતર નકામુ, પાયા વિનાનું ચણતર નકામું.

ધ્યેય વિનાની ગતિ નકામી, સંયમ વિનાની મતિ નકામી.



બુદ્ધિ વિનાની શક્તિ નકામી, વૈરાગ્ય વિનાની ભક્તિ નકામી.

દાન વિનાનું ધન નકામુ, લાગણી વિનાનું મન નકામું.

આ જગતની માયા નકામી, પ્રાણ વિનાની આ કાયા નકામી.

★ સંપત્તિ એ આસક્તિની માતા છે અને આસક્તિ એ દરેક પાપોની જન્મદાત્રી છે.

★ ગરીબ માણસ પોતાના પેટની આગને ઠારવા માટે પાપ કરે પરંતુ શ્રીમંત તો તિજોરી ભરવાની લાહ્યમાં પાપ કરે છે.

★ જરૂરિયાત તો ભિખારીની પણ પૂરી થઇ જાય છે. જ્યારે ઈચ્છાઓ તો કરોડપતિની પણ અધૂરી જ રહે છે. જેની પાસે થોડુ છે તે ગરીબ નથી, પરંતુ જરૂરિયાત કરતાં વધુ મેળવવાની વૃત્તિ ધરાવતા લોકો જ ગરીબ છે.

★ પાણી પણ બંધિયાર રહે તો એ ગંદુ અને નકામુ બની જાય છે. તેમ બંધિયાર સંપત્તિ કોઇ જ કામમાં આવતી નથી. આવી સંપત્તિના માલિક એ સંપત્તિના માલિક મટી ફક્ત સંપત્તિના ચોકીદાર રહે છે અને સાચવે છે.

★ જે જોઇએ તે મેળવીને જ જંપવુ એ કદાચ સફળ માણસની નિશાની છે, પરંતુ જે મળ્યું તેમાં જ હસતો ચહેરો રાખી જીવન જીવવું એ સુખી માણસની નિશાની છે.

★ પાણી વિના માનવ જીવી ના શકે, પરંતુ પાણીમાં ડૂબીને મરી પણ શકે છે. એજ રીતે ધન વિના માનવ જીવન કદાચ શક્ય ન હોય, પરંતુ વધુ પડતા ધનમાં માણસ ખરેખર જીવન જીવતો જ નથી. માટે જ ધનને ધિક્કારવાની જરૂર નથી તો ધનની ગુલામી કરવાની પણ જરૂર નથી..

★ માણસ પાસે શું છે એ મહત્ત્વનું નથી, પરંતુ એ માણસમાં શું છે એ ખૂબ જ મહત્ત્વનું છે.

# ભગવાન રમણ મહર્ષિના સાન્નિધ્યમાં

પોલ બ્રન્ટન, અનુ. : શ્રીયોગેશ્વરજી

'આપણે કટોકટીના જમાનામાં જીવીએ છીએ એ જોતાં, મહર્ષિ દુનિયાના ભાવિ વિશે અભિપ્રાય આપી શકશે?'

'તમારે ભવિષ્યની ચિંતા શા માટે કરવી જોઈએ?' સંતપુરુષે સામેથી પૂછ્યું : 'તમે વર્તમાનને પણ બરાબર નથી જાણતા. વર્તમાનને સંભાળો. ભવિષ્ય તો પોતાની સંભાળ પોતાની મેળે જ રાખશે.'

મારી વાતનો ફરી વાર અસ્વીકાર! છતાં આ વખતે મેં એટલું જલદી નમતું ના જોખ્યું, કારણ કે હું એવી દુનિયામાંથી આવતો હતો, જ્યાં આ શાંતિમય એકાંત આશ્રમની સરખામણીમાં જીવનની કરુણતાઓ માણસને વધારે પ્રમાણમાં વેઠવી પડે છે.

'દુનિયા નજીકના ભાવિમાં પારસ્પરિક મિત્રતા તથા સહાયતાના નવા યુગમાં પ્રવેશ કરશે કે અંધાધૂંધી અને યુદ્ધમાં સપડાશે?' મેં પૂછવાનું ચાલુ રાખ્યું.

મહર્ષિ મારા પ્રશ્નથી જરાય પ્રસન્ન થયા ન લાગ્યા, છતાં બોલ્યાઃ

'સંસાર પર શાસન કરનારી એક શક્તિ છે. સંસારની સંભાળ રાખવાનું કામ તેનું છે. સંસારને જીવન આપનાર જાણે છે કે તેની સંભાળ કેવી રીતે રાખવી. સંસારનો ભાર તે ઉપાડે છે, તમે નથી ઉપાડતા,'



'છતાં ચારે તરફ પૂર્વગ્રહરહિત નજરે જોઈએ તો દયાળુતાનો એ ખ્યાલ ક્યાં બંધ બેસે છે, એ જોવાનું કઠિન થઈ પડે છે.' મેં વિરોધ કર્યો.

સંત વધારે નાખુશ થયા દેખાયા, તોપણ એમણે ઉત્તર આપ્યોઃ 'જેવા તમે છો તેવી જ દુનિયા છે. તમારી જાતને જાણ્યા વગર દુનિયાને જાણવાનો પ્રયત્ન કરવાનો શો અર્થ છે? સત્યના શોધકોએ એ પ્રશ્ન પ્રત્યે ધ્યાન ના આપવું જોઈએ. એવા પ્રશ્નોની પાછળ લોકો પોતાની શક્તિ બરબાદ કરે છે. સૌથી પહેલાં તો તમારી અંદરના સત્યને શોધી કાઢો. તે પછી તમે જેના વિભાગ છો તે દુનિયાની પાછળના સત્યને સમજવાની વધારે સારી શક્તિ મેળવી શકશો.'

એ એટલેથી અટકી ગયા. કોઈ પરિચારકે પાસે આવીને બીજી અગરબત્તી સળગાવી. મહર્ષિએ ઊંચે ચડતા ધુમાડાના વાદળી ગોટા જોયા અને પોતાની હસ્તલિખિત પુસ્તિકા લીધી. એનાં પૃષ્ઠો ઉઘાડીને એમણે પોતાનું કામ કરવા માંડ્યું. એવી રીતે પોતાનું ધ્યાન એમણે મારા પરથી હઠાવી દીધું.

એમની એ તાજી ઉદાસીનતાને લીધે મારા આત્મસન્માન પર પાણી ફરી વળ્યું. લગભગ પંદર મિનિટ સુધી હું એમની આગળ બેસી રહ્યો, પરંતુ મારા પ્રશ્નના ઉત્તર આપવાનું એમનું વલણ ન લાગ્યું. અમારો વાર્તાલાપ ખરેખર પૂરો થયો છે એમ માનીને, લાદીવાળી જમીન પરથી ઊઠીને વિદાયસૂચક પ્રમાણ કરીને, હું બહાર નીકળ્યો.

મારી ઈચ્છા મંદિરનું નિરીક્ષણ કરવાની હોવાથી, મેં શહેરમાંથી કોઈને વાહન લઈ આવવાની સૂચના આપી. જો

બની શકે તો ઘોડાગાડી લાવવાની જ મેં વિનંતી કરી, કારણ કે બળદગાડી સુંદર દેખાતી હોવા છતાં ઝડપી તથા આરામદાયક નહોતી.

ચોકમાં જઈને જોયું તો બે પૈડાંવાળી ખચ્ચરગાડી મારે માટે રાહ જોઈ રહેલી. એમાં બેસવાની બેઠક નહોતી. પણ એ વસ્તુની મને મુશ્કેલી ન લાગી. ગાડીવાળો જરા ભંયકર દેખાવનો હતો. એના માથા પર લાલ રંગનો ગંદો ફેંટો હતો. અને બીજા વસ્ત્ર તરીકે એક મેલો કપડાનો ટુકડો એની સાથળની વચ્ચેથી પસાર થઈને પીઠ પાછળ ખોસેલો અને કમરપટ્ટા તરીકે કામ કરતો.

ધૂળવાળી લાંબી મુસાફરી પછી છાવટે શિલ્પકામવાળા ઊંચા માળના મોટા મંદિરે અમારું સ્વાગત કર્યું. ગાડીમાંથી નીચે ઊતરીને મેં મંદિરનું ઉપરછલ્લું નિરીક્ષણ કરવા માંડ્યું.

'અરુણાચલનું મંદિર કેટલું પ્રાચીન છે તે મારાથી નહિ કહી શકાય.' મારા એક પ્રશ્નના જવાબમાં મારા સાથીદારે કહેવા માંડ્યુંઃ 'પરંતુ એનું આયુષ્ય સૈકાઓ જેટલું જૂનું છે એ તો તમે પણ જોઈ શકો છો.'

દરવાજાની આજુબાજુ અને મંદિરની અંદરના ભાગમાં થોડીક નાની દુકાનો અને ભપકાદાર સ્ટોલ હતા. તાડવૃક્ષોની નીચે એમની ગોઠવણ કરાયેલી. એમની પાસે સાધારણ વસ્ત્રોમાં સજ્જ થયેલા, ધાર્મિક ચિત્રો તથા શંકર અને બીજા દેવોની મૂર્તિઓના વિક્રેતાઓ બેઠા હતા. શંકર ભગવાનની મૂર્તિઓ આગળ તરી આવતી તે જોઈને મને નવાઈ લાગી, કારણકે બીજાં સ્થળોમાં રામ અને કૃષ્ણનું સ્થાન પહેલું રહેતું. મારા



ભોમિયાએ એ બાબત ખુલાસો કર્યોઃ

'અમારે ત્યાં ચાલી આવતી પરંપરાગત દંતકથા પ્રમાણે એક વાર ભગવાન શંકર પવિત્ર અરુણાચલ પર્વતના શિખર પર અગ્નિની જ્વાળાના રૂપમાં પ્રકટ થયા. એટલા માટે હજારો વરસ પહેલાં બનેલી એ ઘટનાની સ્મૃતિમાં મંદિરના પૂજારીઓ વરસમાં એક વાર મોટી જ્વાળા સળગાવે છે. શંકર હજુ પર્વત પર વિરાજે છે, અને મારી ધારણા પ્રમાણે મંદિર એ ઘટનાના મહોત્સવરૂપે જ તૈયાર કરવામાં આવેલું.'

કોતરી કાઢેલી આકૃતિઓથી ભરેલા મિનારા જેવા આકારના પ્રવેશદ્વારે એ પછી મારું ધ્યાન ખેંચ્યું. દરવાજાનો એ ઊંચો મંડપ જેનો ભાગ ઉપરથી અણીદાર અને કાપી નાખેલો હતો, એ ઇજિપ્તના કોઈક પિરામીડ જેવો દેખાતો. એના જેવા બીજા ત્રણ દરવાજાઓ પાસે બાજુના પ્રદેશમાં આગળપડતો તરી આવતો. એ દરવાજાઓ પાસે પહોંચતાં પહેલાં માઈલો દૂરથી એમનું દર્શન થઈ શક્તું.

મંદિરની આજુબાજુ બધે જ ભાતભાતની શિલ્પકૃતિઓ અને અવનવી નાની મૂર્તિઓ દેખાતી. એના વિષયો દંતકથાઓ તથા પવિત્ર પરંપરાગત વાતોમાંથી લેવામાં આવેલા. એમાં વિચિત્ર જાતનું સંમિશ્રણ દેખાતું. એમાં ઊંડા ધ્યાનમાં ડૂબેલા હિંદુ દેવતાઓની અલગ આકૃતિઓનું દર્શન કરવા મળતું, અથવા એમની પરસ્પરના ગાઢ આલિંગનમાં ઓતપ્રોત થયેલી મૂર્તિઓ પણ જોવા મળતી. એ જોઈને નવાઈ લાગતી. એ જોઈને હકીકતની યાદ આવતી કે હિંદુધર્મ સ્વાભાવિક રીતે જ સૌનો સમાવેશ કરવાની શક્તિ ધરાવે છે અને બધી જ જાતની

રસવૃત્તિને માટે એમાં કાંઈક ને કાંઈક સામગ્રી રહેલી છે.

'હજાર થાંભલાનો હોલ!' એ જુગજૂની રચનાને હું એકીટશે જોતો હતો, ત્યાં જ મારા ભોમિયાએ ઉદ્‌ગાર કાઢ્યા. મારી સામે સીધા, કોતરકામવાળા, ગંજાવર સ્થંભોની હારમાળા ફેલાયેલી. એ આખીય જગ્યા એકાંત અને વેરાન હતી. એના રાક્ષસી સ્થંભો ઝાંખા પ્રકાશમાંથી અત્યંત અદ્‌ભુત રીતે આગળ તરી આવતા. એમના પરના પ્રાચીન કોતરકામનું નિરીક્ષણ કરવા હું એમની પાસે જઈ પહોંચ્યો. દરેક સ્થંભ એક જ પથ્થરના ભાગમાંથી બનાવેલો હતો અને એને આધારે ટકેલું છાપરું પણ સપાટ પથ્થરના મોટા ટુકડાઓનું બનાવેલું હતું. શિલ્પીની કળાની મદદથી દેવતા તથા દેવીઓને મેં એકવાર ફરી ક્રીડા કરતાં જોયાં; પરિચિત અને અપરિચિત પ્રાણીઓના કોરી કાઢેલા ચહેરા ફરી એક વાર મારી તરફ તાકવા માંડ્યા.

મેં ધાર્યા પ્રમાણે દેવદર્શન કર્યું. મૂર્તિની પાસે અંધકારમાં સોનેરી જ્યોતિ બળતી હતી, બેત્રણ બીજી ઝાંખી જ્યોતિઓ હતી અને થોડાક ઉપાસકો કોઈક ધર્મકાર્ય કરી રહેલા. મંદિરના સંગીતકારોને મારાથી બરાબર ઓળખી ન શકાયા, પરંતુ થોડા વખતમાં શંખનો નાદ તથા ઝાંઝનો સખત કર્કશ અવાજ સંગીતની સાથે મળી ગયો.

મુખ્ય ગલીમાંથી પાછા વળતી વખતે મારી નજર પૈસા છૂટા કરી આપનારની દુકાનો પર, મીઠાઈના સ્ટોલો પર, કાપડના વેપારીઓની દુકાનો પર અને અનાજ તથા ચોખાના વેપારીઓ પર પડી.

જેને લીધે એ સ્થાનની ખ્યાતિ થયેલી તે પ્રાચીન મંદિરના



મુસાફરોના લાભ માટે તે તૈયાર હતા.

હવે હું મહર્ષિ પાસે પાછો જવા ઉત્સુક હતો અને ગાડીવાળાએ પણ અમારું આગળનું અંતર કાપવાના ઉદ્દેશથી પોતાના ટટ્ટુને જરા ઝડપથી ચલાવવા માંડ્યું. દૃષ્ટિને પાછી ફેરવીને મેં અરુણાચલના મંદિરની છેવટની ઝાંખી કરી લીધી.

પેલી તરફની પથ્થરથી પથરાયેલી ગિરિમાળાના ઢોળાવમાં આવેલા આશ્રમના રસ્તા પર અમારું ટટ્ટુ ઝડપથી જતું હતું, ત્યારે કુદરતે પોતાનો સમગ્ર સૌન્દર્યભંડાર અમારી દૃષ્ટિ આગળ ખુલ્લો કર્યો છે એવો અનુભવ કરતાં મારો શ્વાસ થંભી ગયો. સૂર્ય પોતાના વિશેષ પ્રકાશ સાથે રાત્રીની પથારી પર વિશ્રામ કરવા જાય છે એ સંધ્યાકાળના સમયનું નિરીક્ષણ મેં પૂર્વના દેશોમાં કેટલી બધી વાર કર્યું છે! પૂર્વના દેશોનો સૂર્યાસ્ત પોતાના વિવિધ રંગોના સુંદર દેખાવથી હૃદયને મુગ્ધ કરે છે. અને એ આખોય પ્રસંગ અડધા કલાકથી પણ ઓછા વખતમાં જલદી જલદી પૂરો થાય છે.

**✻ સ્થાપત્ય કન્સ્ટ્રક્શન ✻**

**પ્રો. મનીષ હરિભાઈ ભોજાણી,**

**બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ,**

મધુર કોમ્પ્લેક્ષ, શનાળા રોડ, મહારાજા ટાઈલ્સ સામે,

**મોરબી**–૩૬૩૬૪૧.

ફોન : (ઓફિસ) ૨૨૧૩૮૧, (રહેઠાણ) ૨૩૦૨૨૨.

પૂ. શ્રી રણછોડદાસજી મહારાજનો

# પ્રેરક પ્રસંગ

—પરમાર્થી

## રઘુવીર સબ ઉર અંતરયામી

તારીખ ૨૦ નવેમ્બર ૧૯૫૮. દેવદિવાળીનો પવિત્ર દિવસ. બપોરે આશરે એક—દોઢ વાગ્યાનો સમય હતો. હાથમાં રહેલાં ગુલાબપુષ્પોને મારી જ હથેળીની ગરમીથી બચાવવા જતનપૂર્વક પત્તામાં જાળવતી હું બોમ્બે સેન્ટ્રલ સ્ટેશનના પ્લેટફોર્મ પર આતુરતાથી અને અધીરાઈથી ટ્રેન આવવાની રાહ જોઇ રહી હતી. કારણ કે આ જ ટ્રેનમાં પરમ પૂજ્ય શ્રી રણછોડદાસજી મહારાજ પધારવાના હતા. મેં સમય જોયો. ટ્રેન આવવાને હજી દસ મિનિટની વાર હતી. પ્રતીક્ષાની ઘડીઓ કેવી વસમી હોય એ તો અનુભવી જ જાણે. બેચેની ટાળવા મેં આમ તેમ નજર ફેરવી કેટલો કોલાહલ! કેટલા બધા લોકો! સૌ પોતપોતાની રીતે પોતામાં જ વ્યસ્ત દેખાતા હતા.

અચાનક ટ્રેનની વ્હીસલ વાગી. એ અવાજમાં આસપાસની દુનિયા ડૂબી ગઇ. એન્જિન પાસે આવતું ગયું ને મારી કલ્પનામાં ધીરે ધીરે એક આકૃતિ ઊપસવા લાગી.

પૂજ્ય શ્રી ડબ્બામાંથી નીચે ઊતર્યા. હું જોતી રહી!

દૂર રહ્યાય આંખો શ્રીમુખનું દર્શન કરતાં ધરાતી નહોતી. મને થયું : અહો! આજ એ મહાપુરુષ! કેવી તેજસ્વી મુખાકૃતિ છે! પાંચ ફૂટ ત્રણ ઇંચ જેટલી ઊંચાઇ. કમરમાંથી સહેજ ઝૂકેલા એકવડો તામ્રવર્ણો દેહ ને ઘૂંટણ સુધી પહોંચતા આજાનબાહુ. વજન માંડ ૯૦ રતલ થાય. અંગે સુતરાઉ બંડી, કમરમાં અંચળો. હાથમાં રૂમાલ ને પગમાં સ્લીપર. બધું ધવલ ને ઊજળું ઊજળું શુભશ્વેત દંતાવલી અવારનવાર હાસ્યતેજે ચમકી ઊઠતી હતી. ઉજ્જ્વળ, બેદાગ સંતજીવનનું જ જાણે પ્રતીક, વાતાવરણમાં પ્રસન્નતા વેરતો હસતો ચહેરો, ને ચશ્માંની આરપાર દેખાતી એમની બોલતી આંખો પ્રત્યેકને પોતા પ્રત્યે ખેંચવા માટે પૂરતાં હતાં. સામાન્ય મનુષ્યના સ્મિતમાં આટલી મીઠાશ હોય જ ન શકે!



ભક્તજનોએ એકદમ ધસારો કર્યો.

એક પછી એક ફૂલમાળાઓ એમના ગળા ફરતી વીંટળાવા લાગી. તેઓશ્રી કોઇના માથા પર હાથ ફેરવતા, કોઇની સાથે બે વાત કરી લેતા, તો કોઇને મસ્તક હલાવી માત્ર આંખોથી જ આવકારતા હતા.

મને થયું : 'સાક્ષાત્ શ્રીહરિ જ તો આ દેહમાં છુપાઇને દીનજનોનાં પાપ, તાપ ને સંતાપ હરવા કાજે નથી વિચરી રહ્યાને!'

મારા હાથમાં રહેલાં ગુલાબ પણ શ્રીચરણોમાં ન્યોચ્છાવર થવા અધીરાં બની ઊઠ્યાં. પરંતુ બેસુમાર ભીડને એ જોવાની ક્યાં ફુરસદ હતી! એમની નજીક મને કોણ જવા દે! હું સાવ અજાણી. મારા ફૂલ આ દિવ્ય પુરુષને ચરણે ચડી શકશે ખરાં? હું દૂર એકલી ઊભી હતી. આશાનિરાશા વચ્ચે ઝોલાં ખાતી હતી. વધુ કંઇ વિચારું એ પહેલાં એમની દૃષ્ટિ મારા પર પડી ને ભક્ત જનોની ભીડ વચ્ચેથી માર્ગ કરીને તેઓશ્રી એકદમ મારી

સન્મુખ આવી ઊભા! ચહેરા પર એ જ મધુરું હાસ્ય! હું ધન્ય બની ગઇ. ફૂલો સમર્પિત થઇ ગયાં ને માથું શ્રીચરણોમાં નમી રહ્યું. મને થયું, નખશિખ પ્રેમની બનેલી આ મંગળમય મૂર્તિનું જ 'અંતરર્યામી ' વિશેષણ હોવું જોઇએ.

જયરામભાઇ કોટેચાના નિવાસ્થાન રામ મહાલમાં એમને માટે બધી સગવડ કરવામાં આવી હતી. બીજે દિવસે મોડી રાત્રે મુંબઇથી નાગપુર જતાં વિમાન દ્વારા શીવની નેત્રયજ્ઞમાં પહોચવાનો કાર્યક્રમ હતો. સ્ટેશન પર મેં સાંભળ્યું હતું કે ડોકટરો, નર્સો અને સેવાભાવી ભક્તો આજે રાત્રે જ નાગપુર જવા માટે ટ્રેનમાં નીકળવાના છે. રોકી ન શકાય તેવી એક પ્રબળ ઇચ્છા મારા મનમાં ઊઠી કે હું પણ નેત્રયજ્ઞમાં જાઉં. તેથી બાપુજીની રજા લઇને હુંય સહુની સાથે શીવની જવા નીકળી.

(ક્રમશઃ)

ફોન : દુકાન : ૨૨૫૮૮૧૨ ઘર : ૨૬૬૪૦૭૮
મોબાઇલ : ૯૩૭૪૭૧૦૩૦૪
**દીપક સી. મહેતા**
**કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડિઓ**
૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પ્લેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, **સુરત**-૩૯૫૦૦૧



# ત્રણ તળાવ

**સુધા મૂર્તિ**

(ઇન્ફોસીસના સંસ્થાપક શ્રી નારાયણ મૂર્તિના પત્ની શ્રીમતી સુધા મૂર્તિ પ્રોફેસર ને વક્તા ઉપરાંત એ સારાં લેખિકા પણ છે. તેઓના લખેલા એક પુસ્તકનું નામ છે 'માણસાઇની થાપણ' સંસારમાં જ્યાં પણ સારૂં દેખાય ને મનુષ્યને પ્રેરણારૂપ હોય તેવી હકીકતો, ઘટનાઓ, મુલાકાતો તેમના દ્વારા અક્ષરદેહ પામી, સમાજ સમક્ષ રજુઆત પામે છે.

ત્રણ તળાવોના શીર્ષકવાળી ઘટનાઓમાંથી માત્ર એક તળાવની વાત અમે અત્રે રજુ કરી છે. જો એમાં રસ પડે તો એ પુસ્તક મેળવી વાંચી લેવા ભલામણ છે.)

**—તંત્રી**

જૂના જમાનામાં ગામડાંઓની નજીક જો કોઇ નદી ન હોય તો એમનો પાણી માટેનો બધો જ આધાર તળાવ પર રહેતો. એટલે જ ગામવાસીઓ એમના તળાવનું કુટુંબના એક સભ્ય જેટલું ધ્યાન રાખતા. વરસે દહાડે આખા તળાવમાંથી કચરો કાઢીને ચોખ્ખું કરવામાં આવતું. કુટુંબદીઠ એક સભ્ય આ સફાઇ અભિયાનમાં મદદ કરાવતું. તળાવ આખા ગામની માલિકીનું રહેતું. આથી ગામવાસીઓ સાથે મળી સફાઇ કરતા. આ કામ માટે કોઇને એકપણ પૈસો ચૂકવાતો નહીં. ગામવાસીઓ દર વર્ષે ભેગા થઇને આ તળાવનાં પાણીની પૂજા કરતા. એમને માટે તો આ પાણી જ એમની જીવાદોરી, એટલે એને લોકો ગંગા જેટલું જ પાવન ગણતા.

તળાવના એના પાણી મુજબ જુદા–જુદા પ્રકારો હોય. કેટલાકનો ઉપયોગ ખેતીમાં થાય, કેટલાકનો પીવાના પાણી તરીકે થાય, તો કેટલાક બેય ખપમાં લઈ શકાય. જો કોઈ તળાવ એટલું મોટું હોય કે એનો બીજો કિનારો ન દેખાતો હોય, તો એ 'સમુદ્ર' કે દરિયા તરિકે ઓળખાતું, એના શાંતિ સમુદ્ર કે વ્યાસ સમુદ્ર જેવા નામ પડતાં. સામાન્ય રીતે કોઈ રાજા, રાણી, મોટા સિપાહી, ધનવાન વેપારી કે એવા જે કોઈએ આ તળાવ બંધાવ્યા હોય, એમના નામ પરથી જ તળાવનાં નામ રખાતાં.

ભારતમાં હું જ્યાં–જ્યાં ફરી છું, મેં અનુભવ્યું છે કે એકેએક તળાવ એ ગામડા માટે પૂજનીય હોય છે, અને હોય છે એ દરેકના ઉદ્ભવની એક વાર્તા. જોકે એના મૂળમાં એક વાત તો અચૂક હોય જ છે : ગંગામાતાએ ધરતીના પેટાળમાંથી પ્રગટીને આ તળાવ રૂપે દર્શન દીધાં છે, જેથી અમારી તરસ છિપાય…! એટલે જ પાણીને પવિત્ર ગંગાજળ માનવામાં આવે છે.

ભારતના અલગ–અલગ વિસ્તારોમાં મેં અનેક તળાવ જોયાં છે, પણ કર્ણાટકનાં ત્રણ તળાવની વાર્તાએ મારા મન પર એક અમીટ છાપ છોડી દીધી છે.

ઈસ્ટ ઈન્ડિયા કંપનીના સમયની વાત છે. એ વખતે આપણા પર અંગ્રેજોનું રાજ હતું. કોલાર પાસે અમ્માની નામે એક અભણ સ્ત્રી રહે. એ ગાયો-ભેંસો રાખે ને આસપાસના લોકોને દૂધ પહોંચાડે. કોલાર સૂકો પ્રદેશ એટલે ગમે ત્યારે દુષ્કાળ પડી જાય. એવા સમયે અમ્માની લોકોને પાણી માટે હેરાન થતાં જોઈ રહે. એ આનો કોઈ કાયમનો હલ શોધવા ઈચ્છતી.

એક દિવસ એણે સાંભળ્યું કે ગામ નજીક અંગ્રેજો એક છાવણી નાખી રહ્યા છે. અંગ્રેજી અને કન્નડ બંને ભાષા જાણતો



હોય એવો એક વચોટિયો અંગ્રેજ સિપાહીઓને દૂધ, દહીં, ઘી, માખણ પૂરું પાડી શકે એવા કોઈની શોધમાં ગામમાં આવ્યો. સમાચાર જાણતા જ ગામના દરેક લોકો દૂધ, દહીં વેચવાની ઈચ્છા સાથે એની પાસે પહોંચી ગયા.

પણ અમ્માનીએ એ માણસ, રામપ્પા, પાસે એક અજબ જ પ્રસ્તાવ મૂક્યો, 'હું એ સિપાહીઓને બધું જ આપીશ, પણ માત્ર એક શરતે. હું એના પૈસા નહીં લઉં…'

રામપ્પાને પહેલાં તો લાગ્યું કે સાંભળવામાં એની કાંઈક ભૂલ થઈ છે. ''હેં! તું એમ કહે છે કે આ ફિરંગીઓને તું બધું મફત આપીશ? આ ગોરાઓને? આ 'વિદેશી' ઓને?' વિદેશીઓને ત્યારે સ્થાનિકો 'ફિરંગી' કે 'ગોરા' તરીકે સંબોધતા.

'એવું મેં ક્યારે કહ્યું? હું કહું પણ નહીં ને, ગરીબ છું એટલે…'

'અરે, અત્યારે તું જથ્થામાં વેચવાની છો એટલે સારું એવું કમાઈ લેવાય. આ સરકારી ખાતું છે, ખાનગી નહીં. આમાં રૂપિયા મળવાની ખાતરી છે. લક્ષ્મી ચાંદલો કરવા આવી છે ત્યારે કપાળ ધોવા ન બેસ. વાતને સમજવાની કોશિશ કર.'

'તમે મને સમજ્યા નથી. હું વેચવા જ માગું છું, પણ એ પૈસા મને દર મહિને નથી જોઈતા. એ અંગ્રેજ અમલદારોએ જ રાખવાના. તમે હમણાં જ કહ્યું ને કે આ સરકારી લોકો ભરોસાપાત્ર છે?!'

'એટલે તું શું એમ કહે છે કે એ પૈસા તું છેક છેલ્લે લઈશ? મને કાંઈ જ સમજાતું નથી.'

પણ અમ્માની તો અડી રહી આ વાત પર. આખરે રામપ્પાએ

જઈને અંગ્રેજ અમલદાર સાથે વાત કરવાનું નક્કી કર્યું.

બીજે દિવસે રામપ્પાએ એક અંગ્રેજ અમલદાર જ્યૉર્જને કહ્યું, 'એક બહુ વિચિત્ર સ્ત્રી આ ગામમાં રહે છે. એ દૂધ, દહીં, ઘી, બધું આપવા તૈયાર છે, પણ એને પૈસા નથી જોઈતા.'

જ્યૉર્જને કુતૂહલ થયું, 'એ સ્ત્રીને અહીં લઈ આવ. હું એની સાથે વાત કરીશ.'

પછીના દિવસે અમ્માની જ્યૉર્જને મળવા ગઈ. એ દિવસોમાં ફિરંગીઓનો ખોફ હતો. ભારતીયો એમનાથી ખૂબ ડરતા. રખેને કોઈ વાંક વગર એમને સજા ફટકારી દે. એ રંગે જુદા, રૂપે જુદા, એમની ભાષાએ જુદી. ત્યારે ભારત અંગ્રેજ કૉલોની હતું, પણ અમ્માનીને શેનોય ડર નહોતો. એ અંગ્રેજી ન જાણતી, પણ એ જાણતી હતી કે એણે કહેવાનું શું છે.

છાવણીએ પહોંચીને એ જ્યૉર્જને મળી, 'સાહેબ, તમે જે માગો એ હું લાવી આપીશ. શરત માત્ર એટલી કે એના પૈસા અત્યારે તમારે રાખવાના છે. હું પછીથી લઈ જઈશ.'

બેન્ક જેવું ત્યારે કાંઈ નહોતું ને જ્યૉર્જને લાગ્યું કે અમ્માની આટલા પૈસા ઘરમાં રાખતાં બીતી હશે, 'તું એકલી રહે છે એટલે તને બીક છે કે ચોર—લૂંટારા કે કોઈ સંબંધી તારે ત્યાંથી પૈસા લઈ જશે?'

એણે હસીને કહ્યું, 'ના સાહેબ, એવું કોઈ કારણ નથી.'

'તો પછી વાત શી છે?'

'એ હું તમને પછી કહીશ. મને ખાતરી છે કે તમે મારી વાતનું માન રાખશો.'

જ્યૉર્જને અમ્માની ગમી ગઈ ને એણે એની વિનંતી માન્ય



રાખી. પછી તો અમ્માની દૂધ, ઘી માખણ પહોંચાડવા લાગી. બીજાના કરતાં એના માલની ગુણવત્તા વધારે સારી હતી ને એ સમયની પણ પાબંદ. જોકે અંગ્રેજો પાસેથી પૈસા ન લેવાની બાબતે એ ગામ લોકોમાં હાંસીપાત્ર બની હતી. એણે અંગ્રજોની સાથે—સાથે નજીકના ગામ લોકોને પણ દૂધ, ઘી વેચવાનું ચાલું જ રાખ્યું. અંગ્રેજોના પૈસા ન આવતા હોવા છતાં એ પોતાના ખર્ચની સગવડ કરી લેતી.

આમ ને આમ વર્ષો પસાર થતાં ગયાં. અમ્માની એની પ્રામાણિક્તા અને વસ્તુઓની ગુણવત્તાને લીધે અંગ્રેજ છાવણીમાં જાણીતી થઈ ગઈ. પહેલાં તો એના સિવાય ગામના બીજા લોકો પણ અંગ્રેજોને દૂધ, ઘી, વેચતા, પણ સમય જતાં એ બધાનું સ્થાન અમ્માનીએ લઈ લીધું. હવે એ એકલી જ આખી છાવણીની જરૂરિયાતોને પહોંચી વળતી. દરેક અમલદાર એના મિત્ર જેવો બની ગયો હતો.

એક દિવસ ઓફિસર જ્યૉર્જે અમ્માનીને બોલાવી, 'અમ્માની, હવે તારે પૈસા લઈ જવા જોઈએ. આટલી મોટી રકમ આટલો લાંબા સમય મારી પાસે રહે એ યોગ્ય નહીં. એકાદ વર્ષમાં કદાચ અમે છાવણી પણ બદલીએ. અમને તારી પ્રામાણિકતા પર માન છે અને અમે પણ એ જ પ્રામાણિકતાથી તને બધું આપી દેવા માગીએ છીએ.'

'સાહેબ, મને અગાઉથી જાણ કરવા માટે તમારો ખૂબ આભાર. આ પૈસાની સાથે મને તમારા સૌની થોડી મદદ પણ જોઈએ છે.'

'અરે બોલ...બોલ... તારે શું મોટો બંગલો બંધાવવો છે?' જ્યૉર્જે હળવાશમાં કહ્યું.

'ના સાહેબ, મારે એક તળાવ બંધાવવું છે.'

'શું?!' જ્યૉર્જને ખૂબ નવાઇ લાગી, 'આવા ખડકાળ વિસ્તારમાં તળાવ ખોદવું કેટલું અઘરું છે, એનો તને ખ્યાલ છે? એના માટે માત્ર પૈસા પૂરતા નથી, ઘણા બધા માણસો પણ જોઇએ.'

'સાહેબ, હું તમને આજીજી કરું છું. આ જ કારણે મેં અત્યાર સુધી પૈસા નહોતા લીધા. એ પૈસા જો મેં લઇ લીધા હોત તો અત્યાર સુધીમાં તો એ વપરાઇ પણ ગયા હોત અથવા તો હું વિધવા છું એટલે મારા બધાં સગાં મારી પાસેથી જબરદસ્તીથી એ પડાવી ગયા હોત. સાહેબ, આટલા આકરા તાપમાં સ્ત્રીઓને કેવી મુશ્કેલી પડે એ તમને નહીં સમજાય. તમને બે હાથ જોડું, સાહેબ, કરી દ્યો ને આ મારે ખાતર...'

જ્યૉર્જે વિચારમાં પડ્યો. ખરેખર આ ખૂબ અઘરું કામ હતું. એને અમ્માનીની સચ્ચાઇ અને ગામ લોકો માટેની એની ફિકર ઉપર માન થઇ આવ્યું. એણે કહ્યું, 'એક વાર મને મારા સાહેબ સાથે વાત કરી લેવા દે. કદાચ એ બધા સિપાઇઓને સેવાભાવે આ કામ કરવા કહી શકે.'

છેવટે એ ભલા માણસ જ્યૉર્જે ને બધા સિપાઇઓએ મળીને એક તળાવ ખોદી આપ્યું. એ તળાવ આખા ગામ માટે પીવાના પાણીનો સ્રોત બની રહ્યું. એ દિવસ પછી ક્યારેય ગામલોકોને પીવાના પાણી માટે દૂર જવાની જરૂર ન પડી. આજે પણ એ તળાવ 'અમ્માનીના તળાવ' તરીકે ઓળખાય છે. ભારત આજે આઝાદ છે અને અમ્માની આપણી વચ્ચે નથી, પણ તોય વહી રહ્યું છે એ તળાવ, અમ્માનીની એ ઉદાર ભેટની સાક્ષી સમું...



# ભગવાન તમને ચાહે જ છે !

ડૉ.આઇ. કે. વીજળીવાળા

પરદેશની વાત છે. એક પાદરી અને એમના અગિયાર વરસના દીકરાએ એક નિયમ બનાવ્યો હતો. દર રવિવારે સવારની પ્રાર્થના પૂરી થયા પછી બાપ–દીકરો થોડાક નાનકડા બાઇબલ લઇને નીકળી પડતા. ઘણી બધી ટેકરીઓ પર ફેલાયેલા એ ગામમાં કોઇ પણ ટેકરી પર જઇ ત્યાં આવેલાં ઘરોમાં જઇ એ બાઇબલ સાવ મફતમાં આપતા. એ રીતે ભગવાનનો સંદેશો ઘરે ઘરે પહોંચાડવામાં એમને ખૂબ જ આનંદ આવતો. એ આનંદની પાસે સાંજ સુધી ટેકરીઓ પર રખડવાનો થાક તો ક્યાંય ઓગળી જતો.

એક રવિવારે જોરદાર વરસાદ પડી રહ્યો હતો. વાતાવરણ ખૂબ જ ઠંડું બની ગયું હતું. વરસાદનું રૌદ્ર સ્વરૂપ તથા ભયંકર ઠંડી બંને એ દિવસે ભેગા થઇ ગયાં હતાં. એ જોઇ પાદરીએ બહાર જવાનું માંડી વાળ્યું. એ જ વખતે એમનો દીકરો રેઇનકોટમાં તથા વરસાદી બૂટમાં સજ્જ થઇને ત્યાં આવ્યો. પાદરીને એમ જ બેઠેલા જોઇને એ બોલ્યો, 'ચાલો પિતાજી! આજે રવિવાર છે! બાઇબલ વહેંચવા નથી જવું?'

'નહીં બેટા! બહાર ખૂબ જ વરસાદ પડી રહ્યો છે. ઠંડી પણ હદની બહાર છે. આજે ન જઇએ તો વધારે સારું.' પાદરી બોલ્યા.

'કેમ પિતાજી?! તમારા પ્રવચનમાં તમે જ કહો છો કે દરેક

ક્ષણે માણસો નર્ક તરફ જઇ રહ્યા છે. જો ભગવાનના શબ્દો એમના સુધી પહોંચાડવામાં આવે તો એમાંના ઘણા નર્કમાં જતા અટકી જશે. આજે વરસાદ અને ખૂબ ઠંડી છે તો શું માણસો નર્કમાં નહીં જતા હોય? એમને ન બચાવવા જોઇએ?' બાળકે કહ્યું.

એના ધારદાર શબ્દોએ પાદરીને ચૂપ કરી દીધા. થોડુંક વિચારીને એ બોલ્યા, 'બેટા! મારી તો હિંમત નથી ચાલતી આવા વાતાવરણમાં બહાર નીકળવાની!'

'તો પિતાજી! તમે જો આજ્ઞા આપો તો હું એકલો જાઉં?' બાળકના મોં પર દૃઢ નિશ્ચયની રેખાઓ અંકિત થયેલી હતી.

મૂંગા મોઢે, દીકરાના માથા પર હાથ મૂકી પાદરીએ એને અનુમતી આપી.

બાઇબલની પ્રતોને પ્લાસ્ટિકમાં વીંટાળી, એ વીંટો રેઇનકોટ નીચે દબાવી ઉત્સાહપૂર્વક એ બાળક ધોધમાર વરસતા વરસાદમાં નીકળી પડ્યો. એક ટેકરીથી બીજી ટેકરી પર અને એક ઘરથી બીજા ઘરે જઇ એ બારણું ખખડાવતો. કોઇ ખોલે ત્યારે બાઇબલની પ્રત આપીને કહેતો કે, 'ભગવાન તમને ખૂબ ચાહે છે અને તમારી સાથે જ છે!' આવા વરસાદમાં, આવો સરસ સંદેશો લઇને પોતાના આંગણે આવતો બાળક, દરેક જણને ભગવાનના દૂત જેવો લાગતો.

આવી જ રીતે લગભગ બે કલાક સુધી એ ફર્યો હશે. ગાઢ વાદળાંઓના કારણે દિવસ હોવા છતાં સાંજ પડી ગઇ હોય એવું અંધારું થઇ ગયું હતું. વરસાદ જરાક પણ ધીમો પડવાનું નામ નહોતો લેતો. રેઇનકોટની અંદર ઊતરી જતા પાણીના કારણે એ



પગથી માથા સુધી બરાબર પલળી ગયો હતો. એને ઠંડી પણ બરાબરની ચડી હતી. દાંત કકડતા હતા. બેચાર ક્ષણ માટે એને પાછા જવાની ઇચ્છા થઇ આવી, પરંતુ બાઇબલની હવે છેલ્લી એક જ પ્રત બાકી રહી હતી. બાજુની શેરીનું છેલ્લું એકલું અટૂલું મકાન જ બાકી હતું. ભગવાનનું કામ અધૂરું છોડવાનો એનો જીવ ચાલ્યો નહીં. સાંકડી, ભીની કેડી પર ચડીને એ ઘરના મુખ્ય બારણા સુધી પહોંચ્યો. સાંકળ ખખડાવી. બાજુમાં લાગેલ ડોરબેલની સ્વીચ પણ દબાવી. કોઇએ જવાબ ન આપ્યો.

'કદાચ કોઇ ઘરમાં જ નહીં હોય! અથવા તો કોઇ વૃદ્ધ કે બીમાર વ્યક્તિ જો સૂતી હશે તો એને ખલેલ પહોંચશે!' એવું વિચારીને એ પાછો ફરવા જતો હતો ત્યાં એને વિચાર આવ્યો કે હજુ એક વાર બારણું ખખડાવી જોવું જોઇએ. કદાચ ડોરબેલ વાગી જ ન હોય કે અંદરની વ્યક્તિએ સાંકળનો અવાજ સાંભળ્યો જ ન હોય એવું પણ બની શકે! એણે પોતાની હાથની મુઠ્ઠી વડે બારણું ઠપકાર્યું. 'ઘરમાં કોઇ છે કે?' એવી બૂમ પણ પાડી જોઇ. ફરી એક વાર સાંકળ ખખડાવી તેમ જ ડોરબેલ પણ વગાડી જોઇ. એ પછી દરવાજા પર કાન માંડીને થોડી વાર ઊભો રહ્યો.

બેચાર ક્ષણો એમ જ પસાર થઇ. પછી ધીમેથી દરવાજા તરફ કોઇ આવી રહ્યું હોય તેવો અવાજ સંભળાયો. બાળક ખુશ થઇ ગયો. સારું થયું પોતે જતો ન રહ્યો એવો સંતોષ એના મોં પર પથરાઇ ગયો. લગભગ સિત્તેરેક વરસની ઉંમરે પહોંચી ગયેલ એક માજીએ દરવાજો ખોલ્યો. એમના મોં પર વિષાદ અને ઘેરી હતાશાની છાયા હતી. બાળકની સામે જોઇ એણે

ધીમેથી કહ્યું, 'દીકરા! આટલા વરસાદમાં તું શા માટે આવ્યો છે? અને મારું શું કામ પડ્યું છે તારે?'

ઠંડીથી ધ્રૂજતા નાનકડા ફરિશ્તા જેવા એ બાળકે આનંદભર્યા અવાજે કહ્યું, 'માજી! મેં તમને આવા વાતાવરણમાં હેરાન કર્યા એ બદલ તમારી માફી માગું છું, પરંતુ હું તમને એટલો સંદેશો આપવા માટે આવ્યો છું કે ભગવાન તમને ખૂબ જ ચાહે છે અને તે તમારી જોડે જ છે! અને એ વાતની તમને ખાતરી થઇ શકે એ માટે બાઇબલની આ એક નકલ તમને ભેટ આપું છું!' આટલું બોલતા એના દાંત કકડી ઊઠ્યા.

'ભગવાન મને પણ ચાહે છે? મારી જેવી નકામી, એકલી અને ઘરડી ડોશીને પણ?' એ માજીના અવાજમાં ભારોભાર નિરાશા ભરી હતી.

'હા માજી! મારા પિતાજી ચર્ચમાં પાદરી છે. એ કહે છે ભગવાન તો તેનામાં ન માનતી દરેક વ્યક્તિને પણ ચાહે છે. ભગવાન માટે તો બધા એના જ સંતાનો છે. એટલે એ તમને પણ ચાહતા જ હોય ને? એટલે તમે પણ એના પ્રિય હશો જ?' એ બાળકના અવાજમાં કંઇક એવું હતું કે પેલા માજીના ચહેરા પર સ્મિત ફેલાઇ ગયું. છોકરાના હાથમાંથી બાઇબલ લઇ એને ઘરમાં આવવાનું એમણે કહ્યું, પરંતુ વધારે રોકાશે તો પોતાના પિતાજી ચિંતા કરશે એવું કહી એ બાળક જવા માટે પાછો ફર્યો. જતાં જતાં ફરી એક વખત એ માજી સામે જોઇને હસ્યો. માજી પણ હસ્યા. પછી ઝમઝટ વરસતા વરસાદમાં પોતાના ઘર તરફ એ ચાલવા હાગ્યો.

આ ઘટનાને આઠ દિવસ થઇ ગયા. એ પછીના એક



રવિવારે ચર્ચમાં પાદરીએ પોતાનું ભાષણ પૂરું કરીને કહ્યું. 'આપણને સૌને પણ જિંદગીમાં ઘણા અદ્‌ભુત અનુભવો થતા જ હોય છે. પોતાની જિંદગીમાં બનેલ આવા કોઇ પ્રસંગ અંગે કોઇને કાંઇ પણ કહેવું હોય તો આગળ આવે!'

બે ક્ષણ પૂરતી ચર્ચમાં શાંતિ છવાઇ ગઇ. એ પછી છેલ્લી હરોળમાંથી એક માજી બાઇબલ હાથમાં લઇને ધીમે ધીમે આગળ આવ્યાં. મંચ પર જઇ એમણે વાત શરૂ કરી, 'હું આજે પ્રથમ વખત જ ચર્ચમાં આવી છું એટલે કદાચ તમે કોઇ મને નહીં જાણતા હો! થોડે દૂરની ટેકરી પર મારું ઘર છે. બે વરસ પહેલાં મારા પતિનું અવસાન થયું પછી હું સાવ એકલવાયું જીવન ગાળું છું. મારે કોઇ સગું કે સંબંધી પણ નથી. આઠેક દિવસ પહેલા ખૂબ જ વરસાદ પડેલો. એ દિવસે મને મારા પતિની ખૂબ જ યાદ આવતી હતી. એ ઠંડા, ઉદાસ દિવસે મારું મન એટલી હદે નિરાશ થઇ ગયું હતું કે મેં આપઘાત કરવાનો નિર્ણય કરી લીધો હતો. છતના લાકડા સાથે દોરડું બાંધીને હજુ તો ગાળિયો મારા ગળામાં ભરાવવા જતી હતી ત્યાં જ મારા ઘરનું બારણું ખખડ્યું. હું અટકી ગઇ. મને થયું કે કદાચ એ મારો ભ્રમ હોઇ શકે. કારણ કે મારું બારણું તો ક્યારેય કોઇ ખખડાવતું જ નથી! થોડી વાર પછી ફરીથી બારણું ખખડ્યું અને ડોરબેલ પણ વાગી. એ પછી કોઇએ પોતાના હાથની મુઠ્ઠી વડે બેચાર વખત બારણું ખખડાવી જોયું. મરવાનું બે પળ માટે મુલતવી રાખી મેં બારણું ખોલવાનું નક્કી કર્યું. ઘરનો દરવાજો ખોલતા જ મેં જોયું તો બારણે એક નાનકડો ફરિશ્તો ઊભો હતો. એના ચહેરા પર જે હાસ્ય હતું એવું હાસ્ય મેં આજ સુધી કોઇના

ચહેરા પર નથી જોયું. એણે મને કહ્યું કે ભગવાન મને ચાહે છે! હા! મારા જેવી ઘરડી, નકામી અને સાવ એકાકી જીવન ગાળતી ડોશીને પણ! મને બરાબર યાદ છે, એણે આવું જ કહ્યું હતું!' માજી અટકી ગયાં. એમને ડૂમો ભરાઇ આવ્યો. એમની આંખોમાંથી આંસુની ધારા વહી નીકળી. એમણે આંખ લૂછી, ચશ્માં સાફ કર્યાં, પછી થોડુંક પાણી પીને વાત આગળ વધારી, 'એ ફરિશ્તો પોતે વરસાદમાં પગથી માથા સુધી પલળેલો હતો, પરંતુ મારા હાથમાં જે બાઇબલ અત્યારે છે તે સાવ કોરું હતું. એના પર એણે વરસાદનો છાંટો પણ નહોતો પડવા દીધો. બસ એનાં બેચાર વાક્યોએ જ સાવ અંત સુધી પહોંચી ગયેલા મારા જીવનને એક નવી શરૂઆત આપી દીધી. ભગવાન માટે, મારી જાત માટે અને જિંદગી માટેનો મારો અભિગમ જ બદલી ગયો. મારા મનમાં એક નવો ઉજાસ પથરાઇ ગયો અને હવે એ ઉજાસના સહારે જિંદગીનો બાકીનો રસ્તો કાપવાની મારામાં હિંમત આવી ગઇ છે. આજથી હું ભગવાનને મારી જિંદગી સમર્પિત કરું છું અને એ ફરિશ્તાનો આભાર માનું છું જે અત્યારે પણ મારી સામે જ બેઠો છે, ત્યાં પ્રથમ હરોળમાં!' એ બાળક સામે હાથ લાંબો કરી માજીએ આદરથી એના તરફ માથું નમાવ્યું. ચર્ચમાં બેઠેલા દરેકની ભીની આંખ એ બાળક તરફ મંડાઇ. એ છોકરો પેલા પાદરીનો દીકરો જ હતો. સજળ આંખે પાદરી ગર્વભેર પોતાના દીકરાના કૃત્યને મનોમન વંદી રહ્યા. ચર્ચમાં એક દિવ્ય વાતાવરણ રચાઇ ગયું.



# પૂ.મા સર્વેશ્વરીની સ્વિત્ઝર્લેન્ડ યાત્રા

—મા સર્વેશ્વરી

## લૂશનથી ઈંગલબ્રગ

**ૐ યોગેશ્વરાય નમઃ**

આપના પાવન શ્રી ચરણોમાં લક્ષકોટી પ્રણામ. આપની યાત્રા સુરક્ષિત, સરસ, સરળ રીતે ચાલી રહી છે. આપ અમારા પ્રત્યેક પગલાની પાછળ, આગળ, ઉપર, નીચે સર્વત્ર છો. એથી જ અમારા શ્વાસ પણ ચાલે છે. હે પ્રાણદાતા, હે જગજીવન, પ્રણામ, પ્રણામ, પ્રણામ, પ્રણામ.

આજે ૧૫ મિનિટ વગર ભીડના સ્વચ્છ ફૂટપાથ ઉપર ચાલ્યાં, એટલે સ્ટેશન આવી ગયું.

અહીંથી ઈંગલબર્ગ ૧ કલાક ટ્રેઈનમાં જવાનું હતું. બાદશાહી રીતે સ્વચ્છ નિયમિત ટ્રેઈનમાં બેઠાં. એ જ પ્રકૃતિનું સૌંદર્ય માણતાં માણતાં મંત્રજપ થયા છે.

એક કલાક પછી એ નાનકડું ગામડું આવી ગયું. શાંતિથી ટ્રેઈનમાંથી ઉતર્યાં. પાંચ મિનિટ ચાલ્યાં એટલે પર્વત ઉપર લઇ જતી કેબલકાર મળશે.

અહીં વધારાના ગરમ કોટ, ટોપી, મોજાં પહેરી લીધાં. આજે પણ ૧૦ હજારની ઉંચાઇ ઉપર જવાનું છે.

૪ વ્યક્તિ બેસી શકે એવી કેબલ કારમાં બેઠાં. ધીરે—ધીરે પર્વતના ઉપરના માર્ગે તે લઇ જતી હતી. પર્વતની નીચે ગાયો ચરતી પણ જોવા મળી.

આજે ઉપરના સ્થળે જ્યાં જવાનું હતું તે સ્થળનું નામ Titlis પર્વત. ટીટલીસ પર્વત નર ગ્લેશીયર છે. ત્યાં પહોંચવા જે ઈલેક્ટ્રીક સાધનમાં ઉભા રહેવાનું છે તેનું નામ revolving gondala. અહીં તેને Rotair કહે છે.

આ છે ફરતું ગોન્ડેલા. લગભગ ૫૦–૬૦ વ્યક્તિને ઉપાડી શકે. વિશ્વનું સૌથી પહેલું આ સાધન છે જે ગોળ ફરી શકે છે.

આપણે અંદર ઉભા જ રહેવાનું. જ્યાં ઉભા છે તે ફરે એટલે કે ચારે દિશામાંથી પ્રાકૃતિક સૌંદર્ય, ગ્લેશીયરને માણી શકાય.

એ ગોળાકાર મોટું પાંજરા જેવું છે. તેમાં દરેક ભાષામાં લખ્યું છે. અરે! હિન્દીમાં પણ છે. વિશ્વના આવા પ્રથમ ગોન્ડેલામાં આપનું સ્વાગત છે.

ભારતીય પ્રવાસીઓની આવ–જા મોટી હશે, એટલે સ્વાગતમ્ શબ્દ પણ આજ સુધી ત્રણ–ચાર જગ્યાંએ વાંચવા મળ્યો છે.

ગોન્ડેલા પહેલાં એક લંબચોરસ કેબલ કારમાં પણ ઉભા ઉભા જવાનું હોય છે. ચારે બાજુ કાચ એટલે બધી દિશાથી સ્થળ જોઈ શકાય.

એટલે (૧) ૪ બેસે તેવી કેબલકાર

(૨) ઘણા ઉભા રહી શકે તેવી લંબચોરસ કેબલ કાર્ટ (૫૦–૬૦ વ્યક્તિ)

(૩) ફરતું ગોન્ડેલા ગોળ ફરતું (૫૦–૬૦ વ્યક્તિ)

અને તે પછી ગ્લેશીયર ઉપર ચાલવાનું અને અહીં પણ એક



ખુલ્લી ચેર લીફ્ટ. આઈસ ફ્લાયર ચેર લીફ્ટ જે ગ્લેશીયર ઉપર લઈ જાય.

(૪) આઈસ ફ્લાયર ચેર લીફ્ટમાં ૬ વ્યક્તિ એક સાથે બેસી શકે. ખુલ્લી હોય, આગળ લક્ષ્મણરેખા જેવા પકડવાનાં હેન્ડલ, આ આપણી સુરક્ષા માટે હોય છે.

આ ચારે ચાર કેબલકાર જ ગણાય. એ ચારેનો માની મંડળીએ પણ લાભ લીધો છે.

ગ્લેશીયર પાર્કમાં બાળકો તો બરફના ગોળાથી રમે, પણ મોટા પણ રમતા હોય છે, ચાલતા હોય છે. ઉપરથી લપસતા હોય છે, ફોટા પડાવતા હોય છે.

આપણી મંડળીના ભાઈઓ તથા ક્ષીપ્રા, ગીતાએ પણ લપસણીનો આનંદ માણ્યો.

ભાઈ મહેન્દ્ર, ક્ષીપ્રા વિડિયો ને ફોટાના કામમાં કાર્યરત હતાં.

અરે! આ સ્વિત્ઝર્લેન્ડના ૧૦ હજાર ઉંચા પર્વત ઉપર જે રેસ્ટોરન્ટ છે તેમાં ભારતીય ફિલ્મક્ષેત્રના બે અભિનેતાનાં પોસ્ટરો પણ કોતરેલાં જોવા મળ્યાં.

માનો તો એ વિષય ન હતો, પણ મંડળી એ ચલચિત્રનું નામ ને અભિનેતાનાં નામ બતાવી રહી હતી. શાહરૂખખાન અને કાજોલ. ફિલ્મનું નામ દિલવાલે દુલ્હનીયાં...માને આ અભિનેતાનાં નામ પણ ખબર નથી, ને ફિલ્મનું નામ પણ આજે જ સાંભળ્યું.

જે હોય તે, પણ આપણી ભારતીય ફિલ્મના અભિનેતાને

આ વિદેશની પ્રજા જાણતી હશે એવું લાગ્યું.

તો જ તેનાં પોસ્ટર જાણે તે સાચે જ ઉભા છે એવાં કોતરેલાં અહીં મૂકાયાં છે. ઘણા વિદેશી પ્રવાસીઓ તેમની છબી પાસે ઉભા રહીને ફોટા પડાવતાં હતાં.

વિશ્વના મંચ ઉપર પ્રસિદ્ધ થવાના અનેક માર્ગ છે. ફિલ્મક્ષેત્ર, રાજકારણ, વિજ્ઞાનક્ષેત્ર, જેને જ્યાં ફાવે ત્યાં તે પ્રસિદ્ધ થવાની મથામણ કરે અને પ્રસિદ્ધ પણ થાય.

આજે શ્રી સૂર્યનારાયણ ખૂબ પ્રસન્ન હતા. પરિણામે જે પ્રાકૃતિક વૈભવ માણવાનો હતો તેમાં પૂર્ણરૂપે શ્રી સૂર્યનારાયણ સહાયક થયા. પરિણામે પાછા વળતાં પેલા ખૂબ ઉંચા સ્થળે ૧૧ મંત્ર સાથે સમૂહમાં ૐ સૂર્યરૂપાય યોગેશ્વરાય નમઃ હાથ જોડી સન્મુખ ઉભા રહી સૌએ પ્રણામ કર્યા.

જે નિત્ય નિયમિત સેવા આપે છે તેમને યાદ રાખીને એક પ્રણામ તો આજથી કરવો જોઇએ. એવું પણ કંઇક સમજાયું છે.

આજે ચારે ચાર કેબલકારમાં નવ મંત્ર ને વરદ હસ્તની પ્રાર્થના સમૂહમાં કરી છે.

પ્રભુનો આભાર, પ્રભુની કૃપાને એ રીતે જ વધાવવી પડે ને?

આજની આઇસ ફ્લાયર ચેર હતી તે જ્યારે ગ્લેશીયર ઉપરથી પસાર થતી હતી, ત્યારે છેક નીચે જોવાની હિંમત કેળવવી પડે.

આખુંયે વાતાવરણ હિમાચ્છાદિત. આગળ, પાછળ ઉપર પર્વતો ઉપર, નીચે સર્વત્ર જાણે હિમ પ્રદેશમાંજ આપણે ફરતા



હોઇએ એવું લાગે.

દશ હજાર ફૂટની ઉંચાઇ સુધી આ વિજ્ઞાનના સાધનોથી દોઢ કલાકમાં પહોંચી શકાય છે.

સૂર્યનારાયણની કૃપા હતી. વાયુદેવતા પણ શાંત હતા. શીતળતા દેવી પણ ઉગ્ર ન હતાં પરિણામે સૌના આશીર્વાદથી આજની યાત્રા ધાર્યા કરતાં ખૂબ સારી રહી.

સૂર્યનારાયણ જ સંતાઇ ગયા હોત, વાયુદેવતા સવાર થયા હોત. ને શીતળાદેવી પણ મંચ ઉપર હોત, તો તો ઉપર જવાનો અર્થ જ ના હતો, વાદળીયા, ધૂમ્મસભર્યા વાતાવરણમાં કશુંજ ના દેખાત.

એટલે આજે સર્વ પ્રાકૃતિક તત્ત્વોને વારંવાર વંદન કર્યાં. આ નોંધ અહીં પૂરી થશે.

ફરી પાછા એક કલાક ટ્રેઇનમાં બેસીને હોટલમાં આવી ગયાં. આજે સ્નોમાં ચાલવાનો ભારે શ્રમ હતો, જેથી સૌ પ્રાર્થના પછી વિશ્રામ જ કરે છે. હે! અનુકૂળતાના દેવ, પ્રણામ, પ્રણામ, પ્રણામ, પ્રણામ, પ્રણામ, પ્રણામ.

**(ક્રમશઃ)**

શ્રી કૃષ્ણના માથા પાસે બેઠેલો દુર્યોધન મોટી નારાયણી સેના પામી ખુશ થયો અને ચરણે બેઠેલા અર્જુન એકલા નારાયણને જ પામી જંગ જીતી ગયો. આપણે પણ જીવનના જંગમાં જીતી જવા અર્જુન જેવો જ અભિગમ અપનાવવો રહ્યો.

# સમર્પણ

—એક અનામી સાધક

સમર્પણ વિના સર્જન શક્ય નથી. શ્રદ્ધાપૂર્વક કેટલાક કષ્ટો સહન કરીને સ્વાર્થને તિલાંજલિ આપીને જે અર્પણ કરવામાં આવે છે તે જ સાચું સમર્પણ.

સમર્પણ એ ભક્તિ અને નિષ્ઠાની પરખ છે.

મેવાડના રાજા રાણાપ્રતાપ મોગલોથી હાર પામીને વનમાં ભટક્યા. તેણે ફરી યુદ્ધ કરવાનો સંકલ્પ કર્યો. તે માટે સૈન્ય એકઠું કરવા લાગ્યા. સૈન્ય માટે નાણાં પણ જોઇએ, રાણાપ્રતાપનો વફાદાર વેપારી શેઠ ભામાશાને આ વાતની જાણ થઇ, તેણે કંઇ પણ વિચાર્યા વિના પોતાનું સઘળું ધન મહારાણા પ્રતાપને ચરણે ધરી દીધું. ભામાશાએ પોતાની દેશભક્તિનું દર્શન કરાવ્યું. દેશના રક્ષણને કાજે બધું જ ધન આપનારે સમર્પણ કર્યું. અને એટલે જ દેશ અને સમાજને ધન સમર્પણ કરનારને ભામાશા કહીએ છીએ.

સમર્પણ વિના સૃષ્ટિ ટકી જ ન શકે. કોઇને કોઇ કંઇક સમર્પણ કરતા રહેવું જોઇએ. જે સમર્પણમાં સ્વાર્થનો જરાયે ભાવ હોતો નથી. પાછું લેવાની વૃતિ હોતી નથી. જે આપવાથી મનની પ્રસન્નતા વધે છે તે જ સાચુ સમર્પણ છે.

ઘણી વ્યક્તિ પાસે એવી ઘણી બધી ચીજો હોય છે જે સમાજ માટે ઉપયોગી હોય છે. પણ પેલી વ્યક્તિ લોભથી દબાવીને બેઠી હોય છે. ન તો એ પોતે તેનો ઉપયોગ કરે છે. ન લોકો કે



સમાજને ઉપયોગ કરવા દે છે. આવી ચીજો કે ધન પડ્યું પડ્યું સડી જતું હોય છે. પણ સમર્પણ કરવાથી મનનો આનંદ મળે જ છે. પણ જેને સમર્પિત થયું છે તેને પણ આનંદ ઉપજે છે.

પરમાત્મા એટલે કે સૃષ્ટિના કર્તા—હર્તાએ જીવો માટે કેટકેટલું બનાવ્યું. અને આપણા માટે સમર્પિત કર્યું છે. આપણે એ સવાલ આપણી જાતને પૂછવો જોઇએ.

પૃથ્વી, હવા, પ્રકાશ, પાણી અને અવકાશ. આટલાં તત્ત્વોનું પરમાત્માએ નિર્માણ જ ન કર્યુ હોત અને આપણા માટે સમર્પિત ન કર્યું હોત તો? તો શું આપણું અસ્તિવ શક્ય હોત?

માનવીએ તો એમની પાસે જે છે તેમાંથી સમાજ માટે સમર્પણ કરવાનું છે. સમર્પણમાં માત્ર ધન કે ભૌતિક સંપદા નથી આવતી. માણસમાં ઇશ્વરે અનેક કૌશલ્યો સાથે જ્ઞાન, બુદ્ધિ પણ આપી છે. જ્ઞાનનો ઉપયોગ સમાજને સુસંકૃત કરવા, બુદ્ધિનો ઉપયોગ વિકાસ કરવા અને લોક કલ્યાણના કાર્યો કરવા કરવો જોઇએ. જે સમાજમાં આપણે આવ્યા, આપણને પોષણ આપ્યું. તે સમાજ માટે લોકો માટે સમર્પણ કરવું જોઇએ.

જેની પાસે કશુક અઢળક છે તેમાંથી થોડું આપવું તે સાચુ સમર્પણ નથી. પણ જેના પાસે જે કંઇ થોડું છે તે સઘળું ભાવપૂર્વક અર્પણ કરવાના ભાવને સમર્પણ કહે છે. સાચુ સમર્પણ એટલે સર્વસ્વનું અર્પણ.

ભગવાન કૃષ્ણ અર્જુનને કહે છે. તું બીજો કશો જ વિચાર ન કર, માત્ર મને સમર્પણ થઇ જા. તારો બેડો પાર થઇ જશે.

માણસ ભગવાનની ભક્તિ, પૂજા, અર્ચના કરે છે. પ્રાર્થના,

ધ્યાન કરે છે. માળા ફેરવે છે. દેવદર્શને મંદિરે જાય છે. પણ પછી! જેવો છે તેવો થઇ રહે છે!

કારણ કે ભગવાન પાસે માણસનું સમર્પણ જોઇએ. સમર્પણનો ભાવ જોઇએ. સાચા દિલનું સમર્પણ જોઇએ.

બુદ્ધ ભગવાનની મૂર્તિ માટે ફાળો એકઠો થતો હતો. એક નાની બાલિકા પાસે કટાઇ ગયેલો પૈસો હતો. તે ફાળો એકઠો કરનારે લીધો નહી. ભગવાનની મૂર્તિ બની. પણ તેજ વિનાની. કોઇ વિદ્વાન સાધુએ કહ્યું, કોઇનો અનાદર કર્યો નથી ને? ત્યારે ખબર પડી કે એક કટાઇ ગયેલો સિક્કો લેવાનો ઇન્કાર કરેલો. પેલી બાલિકાનો સમર્પણ ભાવ હતો. તેની પાસે માત્ર એક જ સિક્કો હતો. તે અર્પણ કરવા માગતી.

પછી તે બાલિકાનો સિક્કો સ્વીકારી ફરી મૂર્તિ બનાવી. ત્યારે ભગવાન બુધ્ધની મૂર્તિમાંથી કરુણા ટપકી.

આ સાચો સમર્પણ ભાવ છે. સાચુ સમર્પણ છે.

લોકોએ ચીજ નાની કે મોટી છે તે નહીં પણ સમર્પણ ભાવથી આપેલ ચીજની જ કિંમત અંકાય છે.

''ભાવપૂર્વક અર્પણ એટલે સમર્પણ.''

યજ્ઞની આહુતિઓમાં ભાવપૂર્વક બોલાય છે સમર્પયામિ.



### સ્વર્ગારોહણને આંગણે છેલ્લા ૧૧ વર્ષથી

# છાસની હાશનું પર્વ

જ્યોત્સ્નાબહેન બી. ત્રવેદી

મોટા અંબાજીમાં દર વર્ષે ભાદરવી પૂનમના મા ભગવતી જગ અંબેના પ્રાગટ્ય દિન નિમિત્તે પદ યાત્રા શરૂ થાય છે. આ વર્ષે તે યાત્રાનો પ્રારંભ થયો. તા.૧૫.૯.૨૦૧૩ના રોજ તિથિ હતી ભાદરવા સુદ ૧૧ ચાલે ચૌદશ સુધી. શ્રધ્ધાળુ પદ યાત્રાળુ ભાઇ બેનો બાળકો અને વૃધ્ધો પણ તેમાં હોય છે. કોઇ પણ નાસ્તિક માણસ આ પદયાત્રીઓની ચાલી આવતી વણઝાર જુએ તો એના મનમાં એક પ્રશ્ન જરૂર ઊભો થાય કે એવું ક્યું પ્રેરકબળ છે જે આ યાત્રીઓને સ્વેચ્છાએ આ શારીરિક કષ્ટ ઉઠાવવા પ્રેરે છે! એ વાત સાચી છે, શ્રધ્ધાને કદી તર્કના ત્રાજવે ના તોલાય.

ચાલો આપણે જોઇએ અંબાજી ખાતેના સ્વર્ગારોહણ આશ્રમે દર વર્ષની જેમ આ વર્ષે પણ પદયાત્રીઓ માટે શું શું સેવા બજાવી—

ભાદરવી પૂનમ એટલે મા ભગવતીના પ્રાગટ્યનું પર્વ. આદ્યશક્તિ શ્રીજગદંબાની વિશિષ્ટ આરાધનાનું પર્વ. આ પર્વ ભક્તો પદયાત્રાથી પ્રત્યેક પગલે માને રીઝવવા પ્રયત્નો કરી પોતાનો ભક્તિ અર્ઘ્ય શ્રી મા અંબાના ચરણે ધરે, ત્યાં કોઇ ભેદ નથી. વયનો, ધર્મનો કે સામાજિક મોભાનો. કેટલાક મનોકામના પૂર્ણ કરવાની પ્રાર્થના કરવા આવે તો કેટલાક પૂર્ણ થયેલી મનોકામનાનો આભાર માનવા આવે. વળી કેટલાક નવરાત્રિના

શરૂ થતા શક્તિ પર્વમાં માને પોતના ઘરે કે ગામે નિમંત્રણ આપવા પધારે. પધારવાની આ કંકોત્રી પગે ચાલી આવનારની જ મા સ્વીકારે એવી એક માન્યતા. સ્વર્ગારોહણ માટે પણ ભાદરવી પૂનમ સતત પ્રતીક્ષામાં રહેલું પર્વ; સેવાના પુષ્પગુચ્છો માનું માનીતું પુષ્પ ગુચ્છ. આ વખતે આ પુષ્પ ગુચ્છને મા સવેશ્વરીની ઉપસ્થિતિની સુગંધ મળતાં ખૂબ મહેંકી ઊઠ્યું, જગદંબાની આશીષ વર્ષાથી પુલકિત થઇ ઉઠ્યું. સમગ્ર સ્વર્ગારોહણ જાણે લેહરાવા લાગ્યું.

આ વર્ષે નવ વર્ષ બાદ પૂ. શ્રી માની ઉપસ્થિતિ આ સેવા પર્વમાં છે. સ્વર્ગારોહણના આ સેવા અવસરના આ વખતે મુખ્ય યજમાન શ્રી મા છે. પૂ. શ્રી માના મનઅંતરે પણ ભક્તોને સત્કારવાનો, તેમની આગતા સ્વાગતા કરવાનો આનંદ છે.

અતિથિ આને જાણતો નથી. પણ શ્રી શ્રી મા તો સર્વજ્ઞ છે, એટલે કોઇ કોઇની કેંક પ્રાર્થનાઓના પ્રત્યુત્તર રૂપે સ્વર્ગારોહણને દ્વારે સામેથી દર્શન દેવા પૂ.મા પ્રગટ થઇ ગયાં છે. દર્શનાર્થીને તે આનંદની કે પરમ ભાગ્યની ખબર નથી, પણ દર્શન દેનારને તો તેની ખબર છે જ.

આજે સ્વર્ગારોહણનું સાધક સેવાવૃંદ નિત્ય પ્રાર્થના, વંદના, પ્રણામ, ધ્યાન સર્વથી પરવારીને બરાબર દસના ટકોરે આપણા આશ્રમના દ્વારે હાજર થઇ જાય છે. શ્રી શ્રી મા પણ પ્રભુને કુટિયામાં પ્રણામ કરી, ભક્તો વચ્ચે પધારે છે. સ્વર્ગારોહણના નિયમ પ્રમાણે સહુ સમૂહમાં પાંચ પ્રણામ કરી મંત્રગાન કરી લે છે. પછી શ્રી શ્રી મા આશીર્વચનથી કૃપા વર્ષા કરે છે.

★ સૌની જીવનયાત્રા શાંતિપ્રદાયક, સુખપ્રદાયક, ધર્મ પરાયણ હજો.



★ જે જે સેવામાં જોડાશે તેમનું પણ પ્રભુ સપરિવાર મંગલ કરો.

★ હે પ્રભુ! આ સ્વજન સેવા મંડળીને અહીં દર વર્ષે ઉતારતા રહેજો.

★ સહુને સેવાની શક્તિ આપજો.

★ સહુને આપના ચરણોમાં ભક્તિ આપજો.

★ હે પ્રભુ, આપના આ બધા બાળકોની સર્વ સ્થળે, ક્ષણે ક્ષણે રક્ષા કરજો. આ બાળકોની સતત પડખે રહેજો.

જેના તરફથી આ પર્વ છે તે મા પરિવારના કાલિમંદિરનાં સ્વજન શ્રી ગંગાબ્હેનની સ્મૃતિમાં આ પર્વ છે. કાલિમંદિરનાં બીજા ત્રણ સ્વજનો શ્રી શારદાબેન, શ્રી સુશીલાબેન શ્રી સાવિત્રીબેનનું પણ હે પ્રભુ! મંગલ કરજો ને સુખી કરજો. એમને પણ દરવર્ષે આ ધરતી પર સત્કર્મ કરવાની તક આપજો.

★ હે પ્રભુ જો જો છટકી ના જતા, બધું જ સાંભળ્યું હશેને!

ત્યાર પછી સહુ પૂ.શ્રી માની રાહબરી હેઠળ શૌર્ય ગીત ગાતાં ગાતાં ''સ્વર્ગારોહણ તીર્થભૂમિને જગમંચે પ્રગટાવીશું'' પોતાની ટોપી પ્રભુનો બેઝ અને સેવાકાર્ય માટે નામ સાથે આપેલા નવીન બેઝને ધારણ કરી સેવા મંડપમાં જાય છે. પાણી, છાશ, એક્યુપ્રેશર, મસાઝ અને ડોકટરી સેવા આ પંચામૃતથી સ્વર્ગારોહણ આજે તીર્થોત્તમ બનવા સજ્જ બની ગયું છે.

શ્રી શ્રી મા દરેક કાર્યના શ્રી ગણેશ કરી સદ્‌ભાગી અતિથિઓને છાશને જાણે મંદાર પર્વતના વલોણાથી વલોવતાં હોય તે રીતે છાશની પ્રત્યેક બુંદમાં કૃપા અને શક્તિનું અવતરણ

કરી સ્વયં અમૃતપાન કરાવે છે. વિવિધ કાર્યક્ષેત્રોમાં જઈ જરૂરી સૂચનાઓ આપે છે. સેવાકાર્યમાં જોડાયેલા પ્રત્યેક સાધકને પણ શ્રી શ્રી મા સ્વહસ્તે આ છાશામૃત પીવડાવે છે. આજે તો એ ઉત્સાહ ચરણ સીમાએ છે, કારણ કે જગદંબા સ્વરૂપા પૂ.મા સ્વયં રોડ ઉપર જઈ યાત્રીઓને પ્રસાદ ધરે છે. અરે, કહે પહેલો સગો પાડોશી, એમ કહી સામે કોકો કોલા સ્ટોલવાળા ભાઈઓને પણ છાશ પીવડાવવા જાય છે.

પ્રત્યેક કાર્યનું ખૂબ પ્રેમથી નિરીક્ષણ કરે છે. ઘડીક અહીં, તો ઘડીક ત્યાં, જુદા જુદા સ્થળે વિચરી સેવકોમાં નવું જોમ અને ઉત્સાહ ભરતાં રહે છે; જાણે સમગ્ર કાર્યમાં વિસ્તારતાં રહે છે.

(૧) પ્રથમ દિવસથી જ 'મા' પરિવારના શ્રી જગદીપભાઈ, શ્રીમતી નયનાબહેન, શ્રી ભાવેશભાઈ, શ્રીમતી પૂર્વી બ્હેન આ સેવામાં સહભાગી થઈ મામી પ્રત્યેનું ઋણ અદા કરે છે. અરે! બધાં એક વધુ દિવસ રોકાઈ આ પર્વનો લ્હાવો લે છે.

(૨) બીજા દિવસની પ્રાર્થના ૧૬/૯/૨૦૧૩

### ૧૬ સપ્ટેમ્બર ૨૦૧૩ ની પ્રાર્થના

હે પ્રભુ! આજની છાસની સર્વહાશ શ્રી ગંગાબ્હેનને મળજો. જેમણે સહયોગ ધર્યો છે તે ત્રણે બ્હેનોનું પરિવાર સાથે મંગલ કરજો. જે જે સેવા માટે ઉતર્યા છે તેમને શક્તિ ધરજો.

સ્વપ્ને પણ અભિમાન ના થવા દેતા.

હે પ્રભુ! સૌને સુખી કરો.

હે પ્રભુ! સૌ ને શાંતિ ધરો.

હે પ્રભુ! સૌનું મંગલ કરો.



હે પ્રભુ! સૌ ને હાશ ધરો.

હે પ્રભુ! અમે આજે પાંચ પ્રણામ કરીને આપના સત્કર્મ કરવા જઈ રહ્યા છીએ તો અમારી પણ સર્વ રીતે રક્ષા કરજો.

(૩) ત્રીજા દિવસની પ્રાર્થના ૧૭/૯/૨૦૧૩

### ૧૭ સપ્ટેમ્બર ૨૦૧૩ ની પ્રાર્થના

હે પ્રભુ! ભૂલમાં પણ મેં કર્યું છે, કે હું કરું છું તેવો અંહકાર પ્રવેશ ન કરવા દેતા.

હે પ્રભુ! અમે તો આપના સૌનાં નાના બાળક છીએ. ભૂલે ભરેલા બાળક છીએ.

હે પ્રભુ! અમારી ભૂલો ને ક્ષમા કરો.

હે પ્રભુ! સાચી સેવાની સૂઝ સતત ધરતા રહો ને હે પ્રભુ! નમ્રતાનો પ્રસાદ પણ ધરતા રહેજો.

હે પ્રભુ! સેવાની શક્તિ આપજો.

હે પ્રભુ! ભક્તિ આપજો.

હે પ્રભુ! રક્ષા કરજો.

### ૧૭ સપ્ટેમ્બર—૨૦૧૩ ની પ્રાર્થના

હે પ્રભુ! આપનું કૃપાનું રક્ષા કવચ આ સ્વર્ગારોહણ ઉપર સતત ફરતું રાખજો.

હે પ્રભુ! આપના આ છાસના પર્વમાં પણ દરેક સેવકના મન અંતરે મુકામ રાખજો.

હે પ્રભુ! છાસના એક એક બુંદમાં શક્તિ ભરજો. આર્શીવાદ ભરજો.

હે પ્રભુ! સૌનું મંગલ કરજો.

હે પ્રભુ! સૌને સુખી કરજો.

હે પ્રભુ! સૌને તૃપ્તિ ધરજો.

હે પ્રભુ! સૌને નિઃસ્વાર્થ, બેનર વગરની સેવા, વિડીયો વગરની, ન્યુઝપેપર વગરની, ટી.વી. ચેનલ વગરની સેવા કરવાની સદ્‌બુદ્ધિ આપજો.

(૪) ચોથા દિવસની પ્રાર્થના ૧૮/૯/૨૦૧૩

**૧૮ સપ્ટેમ્બર–૨૦૧૩ ની પ્રાર્થના**

હે પ્રભુ! અમારા સૌના પ્રણામ સ્વીકારી આશીર્વાદ આપો.

હે પ્રભુ! અમારા અંતિમ શ્વાસ સુધી આપનું નામ અને આપના આ સ્વર્ગારોહણની સેવા કરતાં કરતાં અમે તમારે દ્વારે આવી શકીએ તેવી કૃપા કરો.

હે પ્રભુ! પદની લાલસા, પ્રતિષ્ઠાનો ભાર, ખુરશીનો લાભ, સન્માનની ઈચ્છા, એ બધું જ અમારા મન અંતરમાં પથરાયું છે તેનો નાશ કરો.

હે પ્રભુ! સેવા કરતાં કરતાં જીવન ધન્ય કરીએ.

હે પ્રભુ! માનવ સેવા માટે પ્રાણ ધરી દેવાની શક્તિ આપો.

હે પ્રભુ! આપને ગૌરવ થાય, આપને અમને તેડવા આવવાનું મન થાય તેવા સુગંધિત કરી દો.

હે પ્રભુ! આ સ્વર્ગારોહણ મારું પૃથ્વી પટે અતિશય પ્રિય સ્થાન છે. એવું હું સમજું ને હે પ્રભુ! વારંવાર અહીં મને ઉતારતા રહેજો.

હે પ્રભુ! દેસાઈકાકા જેવું ધન્ય જીવન બનાવતા રહેજો.



# પ્રભુની પ્રાપ્તિ સાધનાથી નહિ, કેવળ માન્યતાથી

–સ્વામી શ્રીરામસુખદાસજી

આપણા સૌનો અનુભવ છે કે હું તો તે જ છું જે હું બાળપણમાં હતો. પરંતુ આ શરીર અને સંસાર પ્રતિક્ષણ બદલાઈ રહ્યાં છે. એવી જ રીતે શાસ્ત્ર જણાવે છે કે પરમાત્મા છે.'હું' 'પરમાત્મા' બદલાવાના નથી અને શરીર અને સંસાર પરિવર્તનશીલ છે. મારી અને પરમાત્માની એક્તા થઈ અને શરીરની સંસાર સાથે એક્તા થઈ, આ શરીરમાં જે ઘનપણું દેખાય છે તે તો પૃથ્વીનો અંશ છે. આમાં જે ગરમી છે તે સૂર્ય અને અગ્નિનો અંશ છે. એમાં રહેલો વાયુ વાયુનો અંશ છે. અને એમાં જે પોલાણ એટલે કે આંગળી જતી રહે છે તે અવકાશ એ આકાશનો અંશ છે.

હું છું એ આત્મજ્ઞાન છે અને પરમાત્મા છે પરમાત્મજ્ઞાન છે. મારી અને પરમાત્માની એકતા છે અને શરીર અને અમારી કહી શકાય એવી સામગ્રીની એકતા સંસાર સાથે છે. તેથી આ પોતાની કહેવાતી વસ્તુઓ દ્વારા સંસારની સેવા કરી લેવાની છે. અને પોતાને સ્વયંને પરમાત્માને અર્પિત કરી દેવાના છે. બસ આટલી જ તો વાત છે.

હવે પ્રશ્ન એ ઊઠે છે કે જ્યારે વાત આટલી સુગમ છે તો પછી એ સ્થિર થઈને કેમ રહેતી નથી? એનો ઉત્તર એ છે કે આપણે એ વાતને મહત્ત્વ આપતા નથી. એનો આદર કરતા નથી. એ અભ્યાસજન્ય નથી. આને યા તો માની લો અથવા

જાણી લો. જેમ કોઈ નેપાળ છે તો આપણે એનો અભ્યાસ કર્યો નથી, કેવળ માની લીધું છે કે આ નેપાળ છે. આપણે માનવામાં સ્વતંત્ર છીએ. માનવા ચાહો તો હમણાં જ માની શકો છો અને ન માનવા ચાહો તો જન્મજન્માંતર સુધી પણ નહીં માની શકો. તમે એવું જ માની લો કે પરમાત્મા છે તો કામ થઇ ગયું. અથવા તમે જાણી લો કે મારો (અવિનાશીનો) નાશવંત સંસાર સાથે સંબંધ નથી તો પણ કામ થઇ જશે. હું નથી બદલાતો, પરંતુ શરીર અને સંસાર બદલાયા કરે છે. આ બિલકુલ જાણીતી વાત છે. આને જાણવામાં અને માનવામાં અભ્યાસની કશી જ જરૂર નથી, આવશ્યક્તા નથી. આ સાચી અને શાસ્ત્રોની વાત છે. જો તમે આ વાતને આદરપૂર્વક સ્વીકારી લેશો તો તમને કરોડો રૂપિયા મળ્યાથી પણ એટલી શાન્તિ નહીં થાય જેટલી કે આ વાતને માનવાથી શાન્તિ મળશે.

એક બીજી પણ વાત છે. આપણે એને બિલકુલ મહત્ત્વ આપતા નથી જે આપણને મફતમાં મળે છે. જો એક એક વાત સો સો રૂપિયાનો ટેક્સ લગાવી દેવામાં આવે, તો કદાચ આ વાતનો તમે આદર કરશો. અને ખૂબ ભટક્યા બાદ, બદરીનારાયણ જેવા પહાડોમાં ઘૂમ્યા પછી આ વાત પ્રાપ્ત થાત તો તમે એને મહત્ત્વ આપત અને માની પણ લેત. હમણાં ઘરે બેઠાં વગર પૈસા ખરચે વાત મળી રહી છે તેથી મહત્ત્વ આપતા નથી. જે કોઇ ભાઇએ આ વાતને મહત્ત્વ આપ્યું છે, એનું મૂલ્ય ચૂકવ્યું છે તેને લાભ થયો છે. જો કોઇને આ વાત માટે અપમાન સહન કરવું પડ્યું હોય, નિંદા સહન કરવી પડી હોય, કષ્ટ સહેવું પડ્યું હોય, વિપરીત પરિસ્થિતિમાં મૂકાવું પડ્યું હોય, તો પણ તેને લાભ તો અવશ્ય થયો જ છે, કેમ કે, એણે મૂલ્ય ચૂકવ્યું



છે. જો જોરદાર લગન અને તલપ લાગી જાય, લગની લાગી જાય તો તત્ત્વજ્ઞાન તત્કાળ થઇ જતું હોય છે. તેથી આપ આ વાતને મહત્ત્વ આપો કે હવે અમને વાત મળી ગઇ છે, હવે એ નીકળી શકે નહીં.

ઉદયપુરના રાણા વિષે સાભળ્યું છે કે તેઓ સત્સંગની વાત સાંભળતા અને એમાં જે વાત સારી લાગે, એને સાંભળતા વેંત જ તરત ચાલ્યા જતા કેમ કે, આ વાત નીકળીને જતી ન રહે. તેથી આજે જ આ વાત દૃઢતાથી પકડી લો કે તમે સ્વયં રહેવાવાળા છો અને આ શરીર અને સંસાર પરિવર્તનશીલ છે. તમે પરિવર્તનશીલ છો અને પરિવર્તનશીલોની સાથે મળી જાઓ છો, એમની સાથે એક્તા માની લો છો. **આ જ તો મોટી ભૂલ છે.** જો તમે આ પરિવર્તનશીલ શરીર—સંસાર સાથે ન મળો—ન ભળી જાઓ તો સમતામાં તો તમે સ્વયં સ્થિત છો જ. તમે આ સૌથી ભિન્ન છો. આ જ કારણે તમે અનુકૂળતા—પ્રતિકૂળતાનો અનુભવ કરો છો. બન્ને પરિસ્થિતિનો અનુભવ તે જ કરી શકે છે જે બન્ને સમયમાં રહે છે. તમે પરિસ્થિતિના પ્રભાવનો સ્વીકાર કરો છો, ત્યારે જ સુખીદુ:ખી થતા રહો છો. જો પરિસ્થિતિના પ્રભાવને ન સ્વીકારો તો ન તો સુખ થશે, ન તો દુ:ખ થશે. સમતામાં સ્વત:સ્થિતિ થઇ જશે.

આપે સાંભળ્યું હશે કે નારદજીએ વ્યાસજીને પોતાના પૂર્વ-જન્મની વાત કરી હતી. નારદજી માની સાથે સંતોની પાસે જતા હતા તેથી એમની ભગવાનમાં ભક્તિ થઇ ગઇ. તે પછી મા મરી ગઇ. બાળકને માના મૃત્યુ પર બહું મોટું દુ:ખ થાય જ છે કેમ કે, મા જ તો બાળકનો આધાર છે. પરંતુ નારદજી ખુશ થયા. તેથી, સુખી દુ:ખી થવું આપણા હાથની વાત છે. આટલા

માટે ભગવાન કહે છેઃ-

**'ન ત્વં શોચિતુમર્હસિ'**

(ગીતા ૨/૨૭)

તું શોક કરવા માટે યોગ્ય નથી, અને અંતમાં કહે છે 'મા શુચઃ' શોક ન કર, શોક કરવો, ન કરવો, આપણા હાથની વાત છે. શોક-ચિંતા કરવી; સુખી-દુઃખી થવું પ્રારબ્ધનું ફળ નથી. અનુકૂળતા—પ્રતિકૂળતાનું આવવું—જવું પ્રારબ્ધ (કર્મો)નું ફળ છે. પરંતુ એમાં સુખી—દુઃખી થવું યા ન થવું એ તમારી મરજીની વાત છે. આ સુખ દુઃખ તો આવન—જાવન કરનારાં છે. એમાં શું સુખી—દુઃખી થવું? બહુ આશ્ચર્યની વાત છે. જેમ કે હમણાં જો આપણે દરવાજા પાસે ઊભા રહી જઇએ અને મોટરો અનેક આવે તો આપણે રાજી થઇ જઇએ કે આજે તો મોટરો ઘણી આવી. બીજે દિવસે માનો કે મોટર ન આવી તો દુઃખી થઇ જઇએ અને રડવા માંડીએ કે આજે તો કોઇ મોટર જ ન આવી અરે એમાં વાંધો શો આવ્યો? મોટરો ન આવી તો ધૂળ ન ઊડી ! એવી જ રીતે અનુકૂળ—પ્રતિકૂળ પરિસ્થિતિઓ આવતી—જતી રહે છે, ક્યારેક અનુકૂળ આવી ગઇ ક્યારે ન આવી. ક્યારેક પ્રતિકૂળ આવી ક્યારેક ન આવી. આ ધન—સંપત્તિ અને પરિવાર વગેરે સૌ આવવા—જવાવાળાં છે. અને તમે સ્વયં રહેવાવાળા છો. એમાં રાજી અને નારાજગી શેની? 'સ્વસ્થ' સુખ—દુઃખમાં સમ રહેવાથી પોતાના 'સ્વ'માં સ્થિર થઇ જશો, એટલે કે પરમ આનંદ તથા પરમ શાંતિને ઉપલબ્ધ થઇ જશો. લોકો પણ વખાણ કરશે અને મહાત્મા કહેશે. ભગવાન પણ તમને પ્યારા માનશે. પણ જો આપણે સુખ—દુઃખમાં સુખી—દુઃખી થતા રહીશું તો દુઃખ જ મળશે. લોકો નિંદા કરશે. અને



ભગવાન પણ રાજી નહીં રહે તો કહો શો ફાયદો થયો?

ધનવાન થઇ જવું, માન—પ્રતિષ્ઠા મેળવી લેવા એ આપણા હાથની વાત નથી, તો પછી એમાં સુખ—દુઃખ શાને? હવે એ વાતને આદર આપો, મહત્ત્વ આપો અને મૂલ્ય આપો કે હવે અમે સુખ—દુઃખી નહીં થઇએ. **આ વાતને શીખવાની નથી. એનો અભ્યાસ કરવાનો નથી. આને તો માનવાની છે.** પછી વારંવાર યાદ કરવાની પણ જરૂર નથી. જેમ તમે તમને બ્રાહ્મણ અથવા વૈશ્ય માની લીધા છે તેમ આ વાતને પણ માની લો. હવે કામ—ધંધો કરતી વખતે, ખાતાં—પીતાં આ વાત યાદ કરવી નહીં પડે. આપમેળે જ યાદ રહે છે. જો યાદ ન પણ રહે તો પણ કોઇ ભૂલ થતી નથી. ભૂલ તો ત્યારે મનાશે કે તમે બ્રાહ્મણ છો છતાં સ્વયં બ્રાહ્મણ હોવાનો સ્વીકાર ન કરીને શૂદ્ર માની લો છો.

આ રીતે હું પરમાત્માનો છું એ માની લો, પછી ભલેને કામ વગેરે કરતાં ભૂલી પણ જવાય, તે ભૂલ નહીં મનાય. ભૂલ ક્યારે મનાશે? ભૂલ ત્યારે મનાશે કે જ્યારે તમે માની લેશો કે હું પરમાત્માનો નથી. જો તમે આવું નથી માનતા તો અખંડ માન્યતા અંદર તો રહેલી જ છે. જેવી રીતે નામ, જાતિ, સ્થાન, દેશની સાથે અખંડ માન્યતા થઇ જાય છે, એવી રીતે પરમાત્માની સાથે અખંડ માન્યતા થઇ જશે. આ નામ, જાતિ, સ્થાન, દેશ, શરીર વગેરે તો આપણાં છે જ નહીં; કેવળ માનેલાં છે. પરંતુ પરમાત્મા તો મારા પોતાના છે એવું સ્વયં ભગવાન, સદ્‌ગ્રંથ અને સંતો કહે છે. તેથી આજે જ, હમણાં ને હમણાં જ વાત માની લો કે હું પરમાત્માનો છું અને પરમાત્મા મારા છે.

**નારાયણ, નારાયણ, નારાયણ.**

# નામ એ પરમાત્માસ્વરૂપ જ છે

**શ્રી બ્રહ્મચૈતન્ય મહારાજ**

નામ એટલે કે ભગવાનનું નામ. સાધનની દૃષ્ટિએ દેવનાં નિરનિરાળા નામોમાં ફરક નથી. નામ એ જીવ અને શિવ વચ્ચેની કડી છે. નામ એ સાધન પણ છે અને સાધ્ય પણ છે. નામ સગુણ છે અને નિર્ગુણ પણ છે. નામનો આરંભ સગુણમાં છે તો છેવટ નિર્ગુણમાં છે. આરંભ સગુણમાં છે એમ કહેવાનું કારણ એ કે ભગવાન જે મૂળમાં નિર્ગુણ, નિરાકાર છે, તે જેવાં સગુણમાં આવ્યાં કે તેવાં જ નામ અને રૂપ તેમને લાગુ પડ્યાં; અને સગુણ રૂપ નાશ પામ્યું તોયે નામ સિલક જ રહી ગયું. એટલે તે નિર્ગુણ પણ છે. તો સગુણ અને નિર્ગુણ ભક્તિનો આધાર નામ જ છે. નામ એ આપણી વૃત્તિ અને ભગવાનને જોડનારી સાંકળી જ છે. લગ્ન થયાં પછી સ્ત્રી જેમ પતિ સાથે એકરૂપ બની જાય છે, તેમ વૃત્તિના નામની સાથે લગ્ન થઈને તે નામરૂપ બની જવી જોઈએ. નામ એ અત્યંત સૂક્ષ્મ છે, અને વૃત્તિ પણ સૂક્ષ્મ છે; એટલે નામ લેવાથી વૃત્તિ સુધરશે, વૃત્તિ સુધરી કે ચિત્ત શાંત થશે, (અને) ચિત્ત શાંત થયું કે નિષ્ઠા ઉત્પન્ન થશે. બધાંનો ભાવાર્થ એક જ છે.

અન્નને પોતાનો સ્વાદ હોય છે. તેમાં આપણે આપણી રૂચિ પ્રમાણે મરી મસાલો કે મિઠાશ નાખીને તે ખાઈએ છીએ. પણ નામને પોતાનો એવો સ્વાદ નથી. તેમાં આપણે જ આપણી



મીઠાશ ઉમેરીને તે શોખથી, પ્રેમથી લેવું જોઈએ. જેટલા વધારે પ્રેમથી આપણે તે લઈએ એટલી વધારે મઝા આપણે એ લેવામાં આવશે. પંઢરપૂરમાં જવાનાં ઘણાં રસ્તા છે, પણ આખરે તો દર્શન કરવા માટે બારીમાંથી જ દાખલ થવું પડે છે; તે પ્રમાણે બીજાં સાધનો ભલે કરીએ, પણ છેવટે નામસ્મરણથી જ આત્મસ્વરૂપની પ્રાપ્તિ થાય છે. આપણે નામ લઈએ, આપણાં જ કાને તે સાંભળીએ, અને તે લેતાં લેતાં છેવટે પોતાને ભૂલી જઈએ, એ જ નામ સાધનામાં રહેલો આનંદનો માર્ગ છે.

જેમ આપણું આપણાં—પણું આપણાં નામમાં છે, તેમ દેવનું દેવપણ તેમનાં નામમાં છે. આપણે આજે જે નામ લઈએ છીએ તે જ નામ છેવટ સુધી કાયમ રહે છે; પરંતુ દેહ—બુદ્ધિ જેમ જેમ કમી થતી જાય છે તેમ તેમ નામ વધારે ને વધારે વ્યાપક અને અર્થપૂર્ણ બનતું જાય છે; અને છેવટે નામ એ પરમાત્મસ્વરૂપ જ છે એવો અનુભવ આવે છે. પાણી એ જેમ શરીરનું જીવન છે, તેમ નામ એ મનનું જીવન બની જવું જોઈએ. નામ એટલું તો ઊંડું ઊતરી જવું જોઈએ કે જીવની સાથે જ તે છૂટે. અંતકાળે છેક છેવટે છૂટવાની વસ્તુ તે ભગવાનનું નામ હોવું જોઈએ. નામમાં જ છેલ્લો શ્વાસ જવો જોઈએ.

**નામ કઈ રીતે લેવું?**

નામ કઈ રીતે લેવું એમ વિચારવું એ પેંડો કઈ રીતે ખાવો એ વિચારવા જેવું છે. પેંડો કોઈ પણ બાજુએથી ખાઈએ તો યે મીઠો જ લાગે છે. તેમ નામ ગમે તે રીતે લઈએ તોયે તેનું કામ તે કરે જ કરે છે. જેને પેંડો ખાવો છે તે પેંડો કઈ રીતે ખાઉં એમ

વિચારતો નથી. તેમ નામ લેનારો મનુષ્ય નામ કઇ રીતે લઉં એમ વિચારતો નથી. ખેતરમાં બી વાવે ત્યારે, તેનાં જે મુખમાંથી પીલો ફૂટે છે તે ઉપરની બાજુએ કે નહીં તે જોવાતું નથી. ખેતરમાં પડતી વેળાએ તે મુખ કોઇ પણ એક બાજુએ, નીચે કે ઉપર ગમે તેમ હોઇ શકે છે; પણ જ્યારે તેમાંથી પીલો ફૂટે છે ત્યારે તેની દિશા મૂળમાંથી નીકળતી વખતે ગમે તે હોય તોયે તે વળાંક લઇને જમીનમાંથી ઉપર જ આવે છે. તેમ નામ કોઇ પણ રીતે લેવાય તોયે તે લેનારની યોગ્ય દિશામાં પ્રગતિ કરી તેને યોગ્ય માર્ગ પર લાવીને જ છોડે છે. એટલે કંઇ પણ કરીને નામ લેવું.

નામ લેતી વેળા કઇ જાતની બેઠક જોઇએ, કે કેવું આસન જોઇએ? આ પ્રશ્ન શ્વાસોચ્છ્વાસ લેતાં કયા પ્રકારની બેઠક જોઇએ એ વિચારવા જેવો છે. માનો, એક જણને દમ થયો છે. તો તે શું કરે છે? તે એવી રીતે બેસવાનો કે આડો પડવાનો પ્રયત્ન કરે છે કે જેથી કરીને શ્વાસોચ્છ્વાસ વિના કષ્ટે લેવાય; એટલે કે શ્વાસોચ્છ્વાસ સહેલાઇથી કેમ લેવાય એ તેનું ધ્યેય હોય છે, અને તે માટે પછી દેહને કોઇ પણ સ્થિતિમાં રાખવો પડે તે ચાલે. શ્વાસોચ્છ્વાસ વિના કષ્ટે ચાલુ રહે એ જેમ તેનું ધ્યેય હોય છે, તેમ નામ અખંડ કેમ ચાલુ રહે એ આપણું ધ્યેય રાખવું; અને તેને મદદરૂપ થાય, ભંગ નહીં પડે, એવી રીતની કોઇ પણ બેઠક રાખવી. બેઠકને વધુ પડતું મહત્ત્વ આપવું નહીં. સમજો કે આપણે પદ્માસન વાળીને નામસ્મરણ કરવા બેઠાં, અને થોડો વખત પછી પાછળ કળ ચડી ગઇ; તો આપણું ધ્યાન નામમાં ન



રહેતાં દેહમાં જ જશે, એટલે નામ લેતાં લેતાં દેહનું વિસ્મરણ થઇ જવું જોઇએ તેને બદલે તેનું સ્મરણ વધારવાનું જ થયું. એટલે નામસ્મરણમાં ખંડ નહીં પડે એ ધ્યેય રાખીને, તેને અનુકૂલ એવી જેની તેની પ્રકૃતિપ્રમાણે કોઇ પણ બેઠક રાખવી. ભગવાનનાં નામને કોઇ પણ પ્રકારનું શરીરનું બંધન નથી. એ જ તો નામની વિશિષ્ટતા છે. મનુષ્યની કોઇ પણ અવસ્થામાં ભગવાનનું સ્મરણ સહજપણે રહી શકે એવું એક જ સાધન છે અને તે એટલે કે એમનું નામ. પણ દેહબુદ્ધિની તરહ એવી ઓર છે કે એ નિઃસ્વાર્થીક નામને આપણે કંઇ ને કંઇ ઉપાધિ સાથે જોડી દઇએ છીએ. અને એ નામ લેવાનું એ ઉપાધિ પર આધારિત કરી દઇએ છીએ; એવું નહીં કરવું. ઇતર ઉપાધિઓ સુખ–દુઃખ ઉત્પન્ન કરે છે, પણ નામ નિરૂપાધિક આનંદ આપે છે.

પાંદડું ખરી જાય પછી સડે છે,
પુષ્પ ખરી પડે પછી સડે છે,
માણસ સડી જાય પછી ખરે છે.
સડવાનો ઈન્કાર કરીને જીવવું, અને
સડતા પહેલા મરવું એ માટે પરાક્રમ સાથે ઈશ્વરની કૃપા જોઇએ.

માણસના શરીરમાં બે અંગ એવા છે કે જે ક્યારેય આરામ કરતા નથી, રાતદિવસ સતત કાર્યરત રહે છે, એક હૃદય અને બીજું મન.

# રસેશ્વરી

(ગતાંગથી ચાલુ) **—શ્રી યોગેશ્વરજી**

### રુક્મિણી

વૃંદાવનથી વિદાય થતી વખતે કૃષ્ણ રાધાને ફરીવર મળ્યા ત્યારે એણે પૂછ્યું :

‘હવે તને મારી વાંસળી સાંભળવાનું મન નથી થતું?’

રાધા બોલી :

‘થાય છે, પરંતુ એ વાંસળી ચરાચરમાં વાગી જ રહી છે. એને સાંભળ્યા જ કરું છું. સાચું કહું તો હું પોતે જ તારી વાંસળી બની ગઇ છું. મારા હૃદયમાંથી રોમરોમમાંથી, સમસ્ત જીવનમાંથી, તારા સ્નેહસ્વરો છૂટ્યા જ કરે છે.’

સુપ્રિયાએ રાધાની વાતનું સમર્થન કર્યું ને કહ્યું :

‘રાધા ખરેખર વાંસળી જેવી જ સુમધુર ને સંવાદમયી બની ગઇ છે. એનું સ્નેહસભર જીવન સૌને મુગ્ધ કરે છે. મેં તો નક્કી જ કર્યું છે કે મારે પણ આજીવન કૌમાર્યાવસ્થામાં રહીને એની સેવા કરવી. તું એની પાસેથી દૂર જાય છે ત્યારે મારે તો એની પાસે રહેવું જોઇએ ને? મારું એટલું કર્તવ્ય છે. મારો એના પ્રત્યેનો પ્રેમ મને એનાથી અલગ નહિ થવા દે.’

‘તારો એ સંકલ્પ રાધાના સંકલ્પજેવો અસાધારણ છે.’

‘એ અસાધારણ હોય કે સાધારાણ એ મને ગમે છે ને મારા મનમાં સ્વાભાવિક રીતે જ પેદા થયો છે.’

‘પરંતુ મારે માટે આવો કઠોર સંકલ્પ?’ રાધા બોલી.

‘એ કઠોર નથી, કોમળ છે.’



‘કેવી રીતે?’

‘એ તને કહી બતાવવાનું ના હોય. એ શુદ્ધ સ્નેહભાવથી ભરપૂર છે માટે. એની અંદર ઉત્કટ લાગણી છે એટલું જ નહિ, એને વિવેકનું પીઠબળ છે.’

કૃષ્ણે ચાલવા માંડ્યું એટલે રાધાએ કહ્યું :

‘તું મથુરા જવા માટે તૈયાર થયો છે પણ મારા સ્મરણમાંથી, હૃદયમાંથી, રોમરોમમાંથી, ક્યાંય નહિ જઇ શકે.’

‘જાણું છું.’ કૃષ્ણે જણાવ્યું; ‘ને તું પણ ક્યાંય નથી જવાની. મારી પાસે જ રહેવાની છે.

‘છતાં પણ સ્થૂલ રીતે છૂટાં પડવાનું પણ કરુણ તો લાગે જ છે. લાંબાં વખતના વિયોગ પછી મિલનના થોડા દિવસો કોઇ પુણ્યના પરિપાકરૂપે પ્રાપ્ત થયેલા તે પણ પૂરા થયા. હવે પાછું આ સુંદર મધુમય મુખ કોણ જાણે ક્યારે જોવા મળશે ને આ અમૃતમયી વાણીનું શ્રવણ કર્ણ ક્યારે કરશે? આટલા દિવસો તો જોતજોતામાં, આંખના પલકારામાં, સ્વપ્નની પેઠે પસાર થઇ ગયા. હવે આવા દિવસો કોણ જાણે ક્યારે આવશે? જે જાય છે તે પાછું નથી આવતું એ એક હકીકત છે. તોપણ રાધાને યાદ કરીને ફરી પાછો આવીશ એટલી આશા તો અવશ્ય રાખું છું.

‘મને પણ અહીં આવવાનું ગમે છે, રાધા! અને કેમ ના ગમે? આ તો મારી શૈશવની વિહારભૂમિ છે. આ ભૂમિ પર તો મને તારો પરિચય થયો ને પ્રેમ મળ્યો. આ કાલિંદી, કદંબ, કુંજ અને રાસોત્સવની પેલી રસભરી રાત્રિઓને કેવી રીતે ભૂલી શકાય? એમણે તો મને પ્રેરણા પાઇ છે ને શક્તિ આપી છે. એનું દર્શન મારે માટે તીર્થદર્શન છે. અને એથીયે અધિક મહિમા તો મારે મન તારો છે. તને જોઇને મારું મન ધન્યતાનો અનુભવ કરે

છે. તારી પાસે આવવાનું ધ્યાન રાખીશ છતાં પણ કોઈ કારણે ના આવી શકાય તો ખોટું ના લગાડીશ.'

કૃષ્ણ ગદ્ગદ બની ગયા.

રાધા બોલી :

'ખોટું નહીં લગાડું. તું નહીં આવે ત્યાં સુધી તારી હૃદયમૂર્તિનું ધ્યાન ધરીશ, દર્શન કરીશ. મારી ચિંતા ના કરતો. તારા વિયોગની વ્યથામાં મરી નહીં જઉં પરંતુ તારા પુનર્મિલનની આશામાં જીવનનું રસપૂર્વક જતન કરીશ. કોઈકવાર તો તું મળીશ જ. એ દિવસને મારા જીવનનો ઉત્સવ દિવસ માનીશ. અને ત્યાં સુધી પણ જીવનને એક અસાધારણ ઉત્સવ જેમ જ જીવીને પૂરું કરીશ.'

કૃષ્ણનો રથ ચાલી નીકળ્યો.

વૃંદાવનની વિશદ વાટ પર એનાં પૈડાંના કાપા પડવા લાગ્યા.

એવા જ કાપા નંદ, યશોદા, રાધા, સુપ્રિયા તથા અસંખ્ય ગોપગોપીઓનાં દિલમાં પણ પડવા માંડ્યા.

કેટલાંક મહામહેનતે કાળજાને કાબૂમાં રાખ્યું ને કેટલાંક એનો કાબૂ સંપૂર્ણપણે ખોઈ બેઠાં.

જુદાં જુદાં હૃદયોમાં લાગણીઓનું લાસ્યનૃત્ય થઈ રહ્યું.

સુપ્રિયાએ મથુરાની દિશામાં મીટ માંડીને ઊભેલી રાધાને પ્રેમપૂર્વક કહ્યું :

'કૃષ્ણનો રથ હવે દૂર દૂર નીકળી જવાથી દેખાતો પણ નથી. હવે તો ઘેર જઈએ.'

એ જ વખતે રાધા ભાવવિભોર થઈને પાછી વળી ને બોલી :



'કૃષ્ણનો રથ દૂર ચાલ્યો ગયો પણ તું મારી પાસે છે એટલું સારું છે. તારે લીધે જીવન જીવવા જેવું બન્યું છે.'

સુપ્રિયા શાંત રહી.

કાલયવનનો નાશ કરીને જરાસંઘને પરાજય આપીને કૃષ્ણ બળરામ દ્વારકા પહોંચ્યા એ જ અરસામાં આનર્ત દેશની રાજકન્યા રેવતી સાથે બળરામનું લગ્ન થયેલું.

રેવતીના પિતાએ પોતાના નવા સંબંધથી ઉત્સાહિત બનીને દ્વારકાના નિર્માણકાર્યમાં મોટી મદદ કરેલી.

કૃષ્ણે દ્વારકાની આધારશિલા પોતાના પિતા વસુદેવ પાસે રખાવેલી.

એમના આદેશાનુસાર શિલ્પીઓએ રાજદુર્ગના એવા અદ્ભુત દ્વારની રચના કરી જેમાં રહીને અવસર આવ્યે સ્ત્રીઓ પણ એની રક્ષા કરી શકે.

દુર્ગના ચાર સુંદર દરવાજા તૈયાર કરાયેલા.

દુર્ગમાં જ રાજપ્રાસાદ તથા દેવાલયોનું નિર્માણ કરવામાં આવેલું.

કૃષ્ણે પોતાની અસાધારણ યોગશક્તિથી સમુદ્રની વિસ્તૃત જમીનમાં દ્વારકાનો વિસ્તાર વધાર્યો.

દુર્ગની દીવાલ પર સોનું ચઢાવવામાં આવ્યું એથી એ સૂર્યકિરણોમાં ચમકવા લાગી.

દીવાલની ચારે બાજુની વિશાળ ખાઈમાં સમુદ્રનું પાણી ભરેલું રહેતું.

એ ખાઈ પર સેતુઓની રચના કરવામાં આવેલી.

(ક્રમશઃ)